અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૩, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ વદ અમાસ | અંક : ૫૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાને મધ્યપ્રદેશમાં અનેક યોજનાઓનો શિલાન્યાસ કર્યો

# ઈન્ડિયાનો એજન્ડા સનાતનને ખતમ કરવાનો છે : પીએમ મોદી

। બીના,તા.૧૪ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશના પ્રવાસે ગયા હતા, જ્યા તેમણે અનેક યોજનાનો શિલાન્યાસ કર્યો હતો. આ સિવાય મોદીએ એક જનસભાને સંબોધિત કરી હતી જેમાં તેણે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાપર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે ઈન્ડિયાનો એજન્ડા સનાતનને ખતમ કરવાનો છે. પ્રધાનમંત્રી મોદીએ એક જનસભા સંબોધન દરમિયાન કહ્યું હતું  કે કેટલાક દળો એવા છે જે સમાજને વિભાજિત કરવા માટે એક થયા છે, આ સિવાય વધુમાં કહ્યું હતું કે કેટલાક લોકો વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાને ઘમંડી ગઠબંધન પણ કહી રહ્યા છે. મુંબઈ બેઠકમાં ઘમંડી ગઠબંધને નીતિ બનાવી છે. તેનો છુપાયોલો એજન્ડો છે. તેમની નીતિ જ ભારતની સંસ્કૃતિ પર હુમલો કરવાની છે. આ લોકો સનાતનને ટાર્ગેટ કરી રહ્યા છે. સનાતન પરંપરાને ખતમ કરવાનો વિચાર કરી રહ્યા છે, ગાંધી લક્ષ્મીબાઈએ સનાતનથી પ્રેરણા લીધી હતી જ્યારે ઘમંડી ગઠબંધનના લોકો સનાતનને ખતમ કરવા માંગે છે. પ્રધાનમંત્રી મોદીએ વિપક્ષી ગઠબંધન પર ભારતીય સંસ્કૃતિ પર હુમલો કરવાનો આરોપ લગાવતા કહ્યું હતું કે આ લોકોની નીતિ ભારતીયની આસ્થા પર હુમલો કરવાની છે. આ ઘમંડી ગઠબંધનની નિયત છે કે ભારતને જે વિચારો, સંસ્કારો, પરંપરાઓએ હજારો વર્ષથી જોડી રાખ્યો છે તેને તબાહ કરવાની છે.  જે સનાતનથી પ્રેરિત થઈને અહિલ્યા બાઈ હોલકરે દેશના ખુણે-ખુણેથી સામાજિક કાર્ય કર્યા, નારી ઉત્થાન જેના કાર્ય કર્યા, ઘમંડી ગઠબંધન તે સનાતનને, સંસ્કારોને સમાપ્ત કરવાનો સંકલ્પ લઈને આવ્યા છે. મધ્યપ્રદેશના પ્રવાસે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા.

## ઈન્ડિયાએ તેની ત્રીજી બેઠકમાં સનાતન સંસ્કૃતિને નષ્ટ કરવાનો પ્રસ્તાવ અપનાવ્યો : મોદી



**પીએમ મોદી સૌથી પહેલા બીના પહોંચ્યા અને બીના રિફાઈનરીમાં પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ સહિત રૂ. ૫૦,૭૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. બીનામાં બોલતા પીએમએ કહ્યું કે જી૨૦ સમિટની સફળતાનો શ્રેય મોદીને નહીં પરંતુ દેશના ૧૪૦ કરોડ લોકો અને તેમની "સામૂહિક શક્તિ"ને જાય છે.આ સાથે પીએમએ રાહુલ ગાંધી પર આડકતરી રીતે પ્રહારો કર્યા અને આરોપ લગાવ્યો કે કેટલીક પાર્ટીઓ વૈશ્વિક મંચ પર ભારતને બદનામ કરવાનો પ્રયાસ કરી રહી છે. વડાપ્રધાને વધુમાં કહ્યું કે, ભારત વિશ્વ નેતા તરીકે ઉભરી રહ્યું છે, કેટલાક પક્ષો દેશ અને તેના લોકોને વિભાજિત કરવાનું કામ કરી રહ્યા છે. આ લોકો ભારત-ગઠબંધન હેઠળ ભેગા થયા છે અને આ એક ઘમંડી જોડાણ છે. આ સાથે વિપક્ષી ગઠબંધન પર મોટો આરોપ લગાવતા પીએમએ કહ્યું કે ઈન્ડિયાએ તેની ત્રીજી બેઠકમાં સનાતન સંસ્કૃતિને નષ્ટ કરવાનો પ્રસ્તાવ અપનાવ્યો છે. પીએમએ કહ્યું કે આ લોકો દેશને ૧૦૦૦ વર્ષ સુધી ગુલામીમાં ધકેલવા માંગે છે.પીએમએ કહ્યું કે સનાતન ધર્મના દરેક અનુયાયીઓ અને દેશના ખૂણે ખૂણે દેશભક્તોએ સતર્ક રહેવું પડશે, કારણ કે અહંકારી ગઠબંધન સનાતનને ખતમ કરવામાં લાગેલું છે. પીએમે વધુમાં કહ્યું કે કોંગ્રેસે મધ્યપ્રદેશમાં લાંબા સમય સુધી શાસન કર્યું, પરંતુ તેમણે ભ્રષ્ટાચાર અને અપરાધને પ્રોત્સાહન આપવા સિવાય કંઈ કર્યું નથી.**

## ન્યૂઝ બ્રિફ

### ટેક્નિકલ ખામી સર્જાતા એર ઈન્ડિયાની ફ્લાઈટ પાકિસ્તાનના એરસ્પેસમાં પહોંચી ગઈ

। નવી દિલ્હી,તા.૧૪ ।

દેશની રાજધાની દિલ્હીથી લંડન માટે ઉડાન ભરેલી એયર ઈન્ડિયાની ફ્લાઈટ થોડા સમયમાં જ અચાનક આઈજીઆઈએરપોર્ટ પર રિટર્ન થઈ હતી. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ ફ્લાઈટે ઉડાન ભરી ત્યારે પ્લેનમાં થોડીક ખામી સર્જાઈ હતી જેના કારણે ફ્લાઈટને દિલ્હી એરપોર્ટ પર રિટર્ન કરવાની ફરજ પડી હતી. સુત્રોમાંથી મળતી વધુ માહિતી મુજબ એયર ઈન્ડિયાની બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર ફ્લાઈટ જ્યારે દિલ્હીથી લંડન માટે ઉડાન ભરી હતી.

### અફઘાનિસ્તાનમાં રાજદૂતની નિમણૂંક કરનારો ચીન વિશ્વનો પ્રથમ દેશ


। કાબુલ, તા.૧૪ ।

ચીને અફઘાનિસ્તાનમાં તાલિબાને સત્તા સંભાળ્યા બાદ પહેલી વખત પોતાના રાજદૂતની નિમણૂંક કરી છે. ચીન અહીંયા તાલિબાનના શાસનમાં રાજદૂતની નિમણૂંક કરનાર દુનિયાનો પહેલો દેશ બન્યુ છે. તાલિબાન દ્વારા કાબુલમાં રાષ્ટ્રપતિ પેલેસમાં ચીનના રાજદૂત ઝાઓ શેંગનુ એક ભવ્ય કાર્યક્રમમાં સ્વાગત કરવામાં આવ્યુ હતુ. તાલિબાને દેશમાં સત્તા આંચકી લીધી બાદ દુનિયાના એવા ગણતરીના દેશો હતા.

### અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર

## રાષ્ટ્રપતિની ચૂંટણી જીતીશ તો ફેડરલ વર્કફોર્સના ૭૫ ટકાથી વધુને હાંકી કાઢીશ : રામાસ્વામી

। વોશિંગ્ટન,તા.૧૪ ।



અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટી વતી ઉમેદવારોની દાવો ઠોકનારા ભારતીય મૂળના અમેરિકી વિવેક રામાસ્વામીએ ચોંકાવનારું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે જો હું ૨૦૨૪ની રાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીતી જઈશ તો ફેડરલ વર્કફોર્સના ૭૫% થી વધુ લોકોને નોકરીથી કાઢી મૂકીશ અને એફબીઆઈજેવી અને મુખ્ય એજન્સીઓને તાળા મારી દઈશ. એક ઈન્ટરવ્યૂમાં રામાસ્વામીએ મોટું નિવેદન આપતાં કહ્યું હતું કે હું સૌથી પહેલાં શિક્ષણ વિભાગ, એફબીઆઈ, દારૂ, તંબાકુ, બ્યુરો ઓફ ફાયરઆર્મ્સ એન્ડ એક્સપ્લોઝિવ્સ, પરમાણુ નિયામક આયોગ (આંતરિક મહેસૂલ સેવા), આઈઆરએસ અને વાણિજ્ય વિભાગને નિશાને લઈશ. તેમણે કહ્યું કે અમે પહેલા દિવસથી જ શરૂઆત કરીશું અને એક વર્ષના અંત સુધીમાં ૫૦%નો કાપ મૂકવાનું અમારું લક્ષ્ય છે. રામસ્વામીએ કહ્યું કે એ ધ્યાનમાં રાખજો કે તેમાંથી ૩૦% કર્મચારી આગામી પાંચ વર્ષમાં સેવાનિવૃત્ત થવાને પાત્ર છે.

### અદાણી જૂથ સામે તાજેતરમાં નવા આરોપો છતાં શેરોમાં ખરીદી ચાલુ છે

## અદાણી જૂથની ત્રણ કંપનીઓમાં એક મહિનામાં ૭૦૦ કરોડના શેર ખરીદાયા

### અદાણી એનર્જીમાં પણ ઓગસ્ટ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ્સ ૨૨ લાખ શેર ધરાવતા હતા જ્યારે એક મહિના અગાઉ તેમાં ૧૬ લાખ શેર હતા

। નવી દિલ્હી, તા.૧૪ ।




અદાણી જૂથ ચાલુ વર્ષમાં અનેક ઉથલપાથલમાંથી પસાર થયું છે છતાં તેના શેરોમાં મોટા રોકાણકારો અને મ્યુચ્યુઅલ ફંડ્સની ખરીદી જારી છે. હિન્ડનબર્ગ રિસર્ચના અહેવાલ પછી અદાણી જૂથના શેરોમાં ૭૦થી ૮૦ ટકા જેટલો કડાકો આવ્યો હતો. ત્યાર બાદ આ ગ્રૂપ નેગેટિવ અહેવાલો વચ્ચે પણ સ્થિર થયું છે. અદાણી જૂથ સામે તાજેતરમાં નવા આરોપો થયા હતા છતાં તેના શેરોમાં ખરીદી ચાલુ છે. ઓગસ્ટ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા અદાણી જૂથની ત્રણ કંપનીઓમાં ૭૦૦ કરોડથી વધારે કિંમતના શેર ખરીદવામાં આવ્યા છે. તાજેતરમાં સમાપ્ત થયેલા ઓગસ્ટ મહિનામાં અદાણી એન્ટરપ્રાઈઝિસ, અદાણી પાવર અને અદાણી એનર્જીના શેરમાં મ્યુચ્યુઅલ ફંડે ભારે ખરીદી કરી હતી. ગયા મહિને મ્યુ. ફંડ્સે જે લાર્જ કેપ શેરોની ખરીદી કરી તેમાં આ ત્રણ ટોપ પર હતા. લેટેસ્ટ આંકડા પ્રમાણે ઓગસ્ટ મહિનામાં અદાણી પાવરમાં મ્યુચ્યુઅલ ફંડ્સનું હોલ્ડિંગ ૬૧ લાખ શેરનું હતું. તેની સાથે જુલાઈ મહિનામાં ૧૭ લાખ શેર ખરીદવામાં આવ્યા હતા. વેલ્યૂની રીતે જોવામાં આવે તો ૧૯૪ કરોડ રૂપિયાના Adani Powerના શેરની ખરીદી થઈ હતી.

### કેરળમાં નિપાહ વાયરસથી પીડિત દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો

## કેરળમાં નિપાહ વાયરસને રોકવા કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયા

। તિરુવનંતપુર,તા.૧૪ ।



કેરળમાં નિપાહ વાયરસથી પીડિત દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો થતો જઈ રહ્યો છે. વધુ એક દર્દી વધી જતાં સ્વાસ્થ્ય વિભાગની ચિંતા વધી ગઈ છે. રાજ્યમાં હવે દર્દીઓની સંખ્યા વધીને ૫ થઈ ગઈ છે. રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી વિણા જ્યોર્જે જણાવ્યું કે ઈન્ફેક્શન ફેલાતો રોકવા રાજ્ય સરકારે કન્ટેનમેન્ટ ઝોન જાહેર કર્યા છે. આશરે ૭૦૦ લોકોની યાદી બનાવાઈ હતી જેઓ દર્દીના સંપર્કમાં આવ્યા હતા. તેમાંથી ૭૭ લોકોની ઓળખ કરાઈ છે જેમને હાઈ રિસ્ક કેટેગરીમાં રખાયા છે. માહિતી અનુસાર રાજ્યમાં બે દર્દીઓ નિપાળ વાયરસના ચેપને કારણે મૃત્યુ પામી ચૂક્યા છે. આ મંત્રીએ એવી પણ આશંકા વ્યક્ત કરી હતી કે સમગ્ર રાજ્યમાં ઈન્ફેક્શન ફેલાવવાનું જોખમ છે. સંક્રમણને ફેલાતો રોકવા માટે રાજ્યમાં ઉપાયોગ શરૂ કરાયા છે. હાઈ રિસ્ક કેટેગરીમાં રખાયેલા લોકોને ઘરથી બહાર ન નીકળવા તાકીદે મનાઈ ફરમાવાઈ છે.

### અનંતનાગમાં આતંકીઓ સાથેની અથડામણમાં ત્રણ જવાન શહીદ થયા

## અનંતનાગમાં સેના-પોલીસનું સંયુક્ત ઓપરેશન સર્ચ જારી

### રાજૌરી જિલ્લાના એક અંતરિયાળ ગામમાં શરૂ કરાયેલા સર્ચ ઓપરેશન દરમિયાન થયેલી અથડામણમાં બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા

। જમ્મુ,તા.૧૪ ।

ગઈકાલે જમ્મુ અને કાશ્મીરના અનંતનાગના કોકરનાગ વિસ્તારમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં આર્મીના કર્નલ, મેજર અને ડીએસપી શહીદ થયા હતા ત્યારે આજે આ જ વિસ્તારમાં ભારતીય સેનાએ જમ્મુ કાશ્મીર પોલીસ સાથે મળીને ફરી એકવાર ઓપરેશન શરુ કર્યું છે.

જમ્મુ કાશ્મીરમાં છેલ્લા બે દિવસથી અલગ અલગ જગ્યાઓ પર સુરક્ષાદળોના જવાન અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના એક અંતરિયાળ ગામમાં શરુ કરાયેલા સર્ચ ઓપરેશન દરમિયાન થયેલી અથડામણમાં બે આતંકી ઠાર કરવામાં આવ્યા હતા જ્યારે બીજી તરફ અનંતનાગના કોકરનાગ વિસ્તારમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે ગઈકાલ બપોરથી અથડામણ ચાલુ છે. આ અથડામણમાં કર્નલ, મેજર અને ડીએસપી શહીદ થયા હતા.









# લોકોના સવાલ, શહેરના રસ્તા પર કેટલી છે સ્પીડ લિમિટ?

## છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં ઘણા રસ્તા પર સ્પીડ ગન લઈને ઉભેલી ટ્રાફિક પોલીસને જોઈને અમદાવાદીઓ એલર્ટ થઈ ગયા છે

| અમદાવાદ, તા.૧૪ |

શહેરમાં આજકાલ ટ્રાફિક પોલીસ સ્પીડ લિમિટનો ભંગ કરતા લોકોને ઓન ધ સ્પોટ ઈ-મેમો ઈશ્યૂ કરી શકે તેવી સ્પીડ ગન્સની ટ્રાયલ લઈ રહી છે. તમે પોતે પણ રસ્તા પર વાહન ચલાવતી વખતે ડિવાઈડર પર કે પછી રસ્તાની સાઈડ પર સ્પીડ ગન લઈને ઉભેલા પોલીસ સ્ટાફને જોયો હશે. તથ્ય પટેલે ૨૦ જુલાઈએ ઈસ્કોન બ્રિજ પર નવ લોકોને ઉડાવી માર્યા પછી જાણે સ્પીડ લિમિટનો ભંગ કરનારા લોકોને પાઠ ભણાવવા માટે પોલીસ મેદાનમાં ઉતરી પડી છે, પરંતુ મુદ્દો એ છે કે અમદાવાદના લોકોને શહેરમાં મહત્તમ કેટલી સ્પીડથી વાહન ચલાવવું તેની માહિતી નથી. તેનું કારણ એ છે કે શહેરના મોટાભાગના રસ્તા પર સ્પીડ લિમિટ કેટલી છે તે દર્શાવતા બોર્ડ્સ ક્યાંય શોધ્યા પણ જડે તેમ નથી. હવે જો લોકોને સ્પીડ લિમિટ કેટલી છે તે જ ખબર ના હોય તો સ્વાભાવિક છે કે તેમને પોતાનું વાહન કઈ સ્પીડ પર ચલાવવું તે પણ ખ્યાલ નહીં આવે, અને જો તેમનાથી ભૂલેચૂકે સ્પીડ લિમિટનો ભંગ થઈ ગયો તો તેમને મોટો દંડ ભરવાનો વારો આવશે. એક તરફ સ્પીડ ગન લઈને ઉભેલી પોલીસને જોતાં અમદાવાદીઓ એલર્ટ થઈ રહ્યા છે,



પરંતુ હકીકત એ છે કે સ્પીડ લિમિટ વિશે કોઈને ભાગ્યે જ ખ્યાલ છે. એસપી રિંગ રોડ, સીજી રોડ, રિવરફ્રંટના પશ્ચિમ છેડે આવેલા રોડ તેમજ ડ્રાઈવ-ઈન રોડ પર સ્પીડ લિમિટ દર્શાવતા સાઈન-બોર્ડ શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ ઘણી મહેનત બાદ પણ આવું એકેય બોર્ડ ક્યાંય જોવા નહોતું મળ્યું. એચ.એલ. કોલેજથી થલતેજ ક્રોસ રોડ સુધીના આખાય રસ્તા પર એકપણ જગ્યાએ સ્પીડ લિટિમ દર્શાવતા સાઈનબોર્ડ નથી, તેવી જ રીતે રિવરફ્રંટની બંને બાજુ આવેલા ૨૨ કિલોમીટર લાંબા રસ્તા પર પણ એવું કોઈ સાઈન બોર્ડ નથી કે જેના પર સ્પીડ લિમિટ લખવામાં આવી હોય. ૭૨ કિલોમીટર લાંબા એસપી રિંગ રોડ અને સીજી રોડની પણ કંઈક આવી જ સ્થિતિ છે. આ મામલે ટ્રાફિક પોલીસના ડીસીપી બળદેવસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે સ્પીડ લિમિટનું નોટિફિકેસન પોલીસ વડા દ્વારા ઈશ્યૂ કરવામાં આવ્યું હતું, પરંતુ સાઈનબોર્ડ્સ શહેરમાં લાગેલા છે કે નહીં તેની કોઈ માહિતી પોલીસ પાસે ઉપલબ્ધ નથી. બીજી તરફ, ટ્રાફિક પોલીસના એક સૂત્રનું માનીએ તો હાલ રિવરફ્રંટ પર જે સ્પીડ રડાર યુઝ કરવામાં આવી રહ્યા છે તેનો ઉપયોગ ઓવરસ્પીડિંગનો વિશાળ ડેટાસેટ જનરેટ કરવા માટે થઈ રહ્યો છે. આ ડેટાબેઝનો ઉપયોગ ચોક્કસ રસ્તા પર સ્પીડ લિમિટને રિવાઈઝ્ડ કરવાની જરૂર છે કે નહીં તે નક્કી કરવા માટે ઉપયોગમાં લેવાશે અને અલગ-અલગ રસ્તા પર સ્પીડ લિમિટ સેટ કરવામાં તે રસ્તા પર નોંધાયેલા અકસ્માતોને આધારે કરવામાં આવશે.

### એસજી હાઈવે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા બનાવાયો છે

**જોકે, એસજી હાઈવેની જ વાત કરીએ તો અહીં અલગ-અલગ જગ્યાએ અલગ-અલગ સ્પીડ લિમિટ દર્શાવતા સાઈનબોર્ડ જોવા મળે છે. જેમ કે, ઈસ્કોન બ્રિજ પર સ્પીડ લિમિટ ૪૦ કિલોમીટર પ્રતિ કલાક છે, જ્યારે ઝાયડસ ફ્લાયઓવર પર તે ૬૦ કિલોમીટર પ્રતિ કલાક છે. એસજી હાઈવે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા બનાવાયો છે, અને સરકારના જ નોટિફિકેશન અનુસાર તેના પર ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે કાર ચલાવી શકાય છે, પરંતુ અલગ-અલગ જગ્યાએ તેના પર અલગ-અલગ સ્પીડ લિમિટ દર્શાવતા સાઈનબોર્ડ્સ વાહનચાલકોને મૂંઝવણમાં મૂકે તેવા છે. રસ્તા પર થતાં અકસ્માતમાં ઓવર સ્પીડિંગને કારણે થતાં એક્સિડન્ટ્સનું પ્રમાણ સૌથી વધારે હોય છે. ૨૦ જુલાઈએ તથ્ય પટેલે ઈસ્કોન બ્રિજ પર નવ લોકોને ઉડાવ્યા તેનું મુખ્ય કારણ ઓવરસ્પીડિંગ જ હતું. અકસ્માત થયો ત્યારે તથ્યની કાર ૧૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી રહી હતી. તેવી જ રીતે હજુ ગયા અઠવાડિયે જ એસજી રોડ પર થયેલા ત્રણ અલગ-અલગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા. ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારાને જાણે કાયદાનો કોઈ ડર ના હોય તેમ તેઓ બેફામ વાહન દોડાવી લોકોના જીવ લે છે.**

## ગુજરાત સરકારે પોતાની અધિકૃત WhatsApp ચેનલ શરૂ કરી

| અમદાવાદ, તા.૧૪ |

લોકોને માહિતી પહોચાડવા અને લોકો સાથે સંપર્ક સાધવા મુખ્યમંત્રી કાર્યાલયનો નવતર પ્રયોગ. ૨ વર્ષ પૂર્ણ થતાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના કાર્યાલયે વોટસએપ ચેનલ શરૂ કરી છે. સચોટ જાણકારી નાગરિકો સુધી પહોંચે તે માટેનો CMOનો પ્રયાસ છે. છેવાડાના પ્રત્યેક માનવી સુધી વિકાસના લાભ પહોંચે તેવી રાજ્ય સરકારની પહેલ છે. મુખ્યમંત્રી કાર્યાલય, ગુજરાતે પોતાની અધિકૃત WhatsApp ચેનલ શરૂ કરી છે. ચેનલ દ્વારા મુખ્યમંત્રીના જાહેર કાર્યક્રમોથી લઈને વિકાસના વિવિધ કાર્યો અંગેની અદ્યતન જાણકારી મેળવી શકશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં વિવિધ જનહિતકારી યોજનાઓ અને વિકાસના પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવી રહ્યા છે.

### ગણેશ ચતુર્થીનું પર્વ થોડા જ દિવસોમાં શરૂ થઇ જશે

## સુરતમાં છે દુનિયાની સૌથી મોંઘી ગણપતિ બાપ્પાની મૂર્તિ

### આ મૂર્તિની ઊંચાઈ માત્ર ૨.૪૪ સિન્ટીમીટર જ છે, આ મૂર્તિને એક અનકટ હિરામાંથી બનાવવામાં આવી છે

| સુરત, તા.૧૪ |

ગણેશ ચતુર્થીનું પર્વ થોડા જ દિવસોમાં શરુ થઈ જશે. હિન્દૂ કેલેન્ડર અનુસાર, ગણેશ ચતુર્થીનો તહેવાર ભાદરવા મહિનાની ચતુર્થીના દિવસે ઉજવવામાં આવે છે. ભાદરવા મહિનાની ચતુર્થી અંગ્રેજી કેલેન્ડર અનુસાર ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨ના રોજ છે. દર વર્ષે સમગ્ર ભારતમાં ગણેશ ચતુર્થીનો તહેવાર ખૂબ જ ધૂમધામથી ઉજવવામાં આવે છે. હાલ સમગ્ર દેશમાં ગણેશ ચતુર્થીની તાડામાર તૈયારીઓ ચાલી રહી છે. દર વર્ષે ગણેશ ચતુર્થી ઉજવતા મંડળો ભગવાન ગણેશની મોંઘી-મોંઘી મૂર્તિઓ લાવે છે અને તેની સ્થાપના કરે છે. આમ તો ભગવાનની મૂર્તિની કોઈ કિંમત નથી લગાવવામાં આવતી, પરંતુ દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા અનુસાર મૂર્તિ ખરીદે છે. સામાન્ય રીતે ગણેશજીની મૂર્તિની કિંમત ૫૦૦ કે ૧૦૦૦ રૂપિયાથી શરુ થાય છે. પરંતુ આજે અમે જે મૂર્તિ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, તેની કિંમતનો અંદાજો લગાવવો પણ મુશ્કેલ છે. આ મૂર્તિની કિંમત સાંભળીને તમારી આંખો પહોળી થઈ જશે.

આ સાંભળીને તમે એ વાત જાણવા પણ ઉત્સુક બની ગયા હશો કે આટલી મોંઘી ગણેશજીની મૂર્તિ કોની પાસે છે. ભગવાન ગણેશની અત્યાર સુધીની સૌથી મોંઘી મૂર્તિ ગુજરાત સુરતના વેપારી રાજેશભાઈ પાંડવ પાસે છે. રાજેશભાઈ સુરતના કતારગામમાં રહે છે, જે એક પોલિશિંગ યુનિટના મલિક છે. સાથે જ તેઓ અલગ-અલગ પ્રકારના વ્યવસાય પણ કરે છે.

## વીજળીના કડાકા-ભડાકા સાથે ભારે વરસાદની આગાહી કરાઈ

### હવામાન વિભાગે રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારો સિવાયના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે

| અમદાવાદ, તા.૧૪ |

રાજ્યના કેટલાક વિસ્તારોમાં ફરીથી મેઘરાજાએ પોતાની મહેર વરસાવી છે. પરેશ ગોસ્વામીએ રાજ્યમાં ભારે વરસાદ થવાની આગાહી કરી છે. આ સાથે હવામાન વિભાગે પણ અનેક વિસ્તારોમાં સારો વરસાદ થવાની શક્યતા દર્શાવી છે. અમદાવાદ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રયે રાજ્યના આગામી ૫ દિવસના હવામાન અંગે આગાહી કરી છે. જેમાં તેમણે ગુજરાત રિજન એટલે કે ઉત્તર, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં હળવાથી સામાન્ય વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારો સિવાયના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. જેમાં અમદાવાદ સહિતના ભાગોનો સમાવેશ થાય થાય છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રયની આગાહી પ્રમાણે, ગુજરાતના જે જિલ્લાઓમાં આગામી ત્રણ દિવસ વરસાદ થવાની શક્યતાઓ છે તેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર સહિત દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ અને દાદરા નગર હવેલીનો સમાવેશ થાય છે. આગામી ૫ દિવસ દરમિયાન કરવામાં આવેલી આગાહીમાં કેટલાક ભાગોમાં ભારે વરસાદની પણ શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. ચોથા અને પાંચમા દિવસ (૧૬-૧૭ સપ્ટેમ્બર) દરમિયાન કેટલાક જિલ્લાઓમાં ભારે ભારે વરસાદ થવાની શક્યતાઓ છે. જેમાં દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ, તાપી સહિત કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ તથા દાદરા નગર હવેલીનો સામાવેશ થાય છે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, આજથી ચાર દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છમાં હળવા વરસાદની શક્યતાઓ છે. જ્યારે પાંચમા દિવસે હળવાથી સામાન્ય વરસાદ થવાની શક્યતાઓ છે. આજે ગીર સોમનાથ, દીવ, કચ્છના કેટલાક ભાગોમાં વરસાદ થઈ શકે છે. જ્યારે આ પછીના ચાર દિવસ કચ્છમાં હવામાન સૂકું રહેવાની આગાહી છે.

### ૪૦૦ પુળા ડાંગરના ઘાસનો કરાયો ઉપયોગ

## કારેલીબાગમાં ઘાસના પુળામાંથી ગણેશજીની પ્રતિમા બનાવવામાં આવી

### ૧૩ ફુટ ઉંચી આ પ્રતિમા વાસની લાકડી, કાથી, ઘાસ અને સુતળીમાંથી તૈયાર કરવામાં આવી છે

| વડોદરા, તા.૧૪ |

હાલ ગણેશોત્સવ નજીક છે ત્યારે ગણેશજીની વિધવિધ પ્રતિમાઓ કલાકારો અને કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવે છે. જેમા વડોદરાના કારેલીબાગમાં વલ્લભનગર સોસાયટીના સ્થાનિકોએ ઘાસના પુળામાંથી ગણેશજીની પ્રતિમા બનાવી છે. ગણેશજીની



૧૩ ફુટ ઉંચી આ પ્રતિમા ૪૦૦ પુળા ડાંગરના ઘાસમાંથી તૈયાર કરવામાં આવી છે. જેમાં વાસની લાકડી, કાથી, સુતળીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઘાસના પુળા લોકોએ શ્રીજીની પ્રતિમા બનાવવા માટે દાનમાં આપ્યા હતા. આ પ્રતિમા કોઈ પ્રોફેશનલ આર્ટીસ્ટ દ્વારા નહીં, પરંતુ સોસાયટીના સ્થાનિક યુવકો અને બાળકો દ્વારા તૈયાર કરવામાં આવી છે. દર વર્ષે વલ્લભનગર સોસાયટીના રહીશો દ્વારા ગણેશ વિવિધ પ્રકારની ગણેશજીની પ્રતિમા બનાવવામાં આવે છે. ગત વર્ષે વલ્લભનગર સોસાયટીના રહીશોએ પેપર કટિંગ, નારિયેળના છોતરાના ભુસામાંથી ઈકોફ્રેન્ડલી પ્રતિમા તૈયાર કરી હતી. ગણેશજીની પ્રતિમાના વિસર્જન માટે પણ વિશેષ આયોજન કરવામાં આવે છે. જેમા નવલખી ખાતે આવેલા કૃત્રિમ તળાવમાં પાણીમાં પ્રતિમાને સ્પર્ષ કરાવી ગૌશાળા અથવા પાંજરાપોળમાં પ્રતિમા લઈ જઈ ગાયોને ખવડાવવામાં આવશે.

### અસારવા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને હાલાકી

## સિવિલ હોસ્પિટલમાં કેસ કાઢવામાં વધુ સમય લાગતા દર્દીઓની કતાર લાગી

### સોફ્ટવેર નવું હોવા છતાં એક કેસ કાઢવામાં ૭થી ૧૦ મિનિટ સુધીનો સમય લાગે છે

| અમદાવાદ, તા.૧૪ |

અમદાવાદમાં આવેલી એશિયાની સૌથી મોટી એવી અસારવા સિવિલ હોસ્પિટલ જેટલી મોટી છે, તેની સમસ્યાઓ પણ એટલી જ મોટી છે. અસારવા સિવિલ હોસ્પિટલમાં કામ ઝડપી થાય અને દર્દીઓ અને તેમના સગાઓને હાલાકી ન થાય તે માટે નવું સોફ્ટવેર નાખવામાં આવ્યું છે. પરંતુ કામ ઝડપી અને અસરદાર થવાને બદલે કામ ખોરંભે ચઢ્યું છે.

અમદાવાદમાં આવેલી એશિયાની સૌથી મોટી એવી અસારવા સિવિલ હોસ્પિટલ જેટલી મોટી છે, તેની સમસ્યાઓ પણ એટલી જ મોટી છે. અસારવા સિવિલ હોસ્પિટલમાં કામ ઝડપી થાય અને દર્દીઓ અને તેમના સગાઓને હાલાકી ન થાય તે માટે નવું સોફ્ટવેર નાખવામાં આવ્યું છે. પરંતુ કામ ઝડપી અને અસરદાર થવાને બદલે કામ ખોરંભે ચઢ્યું છે. નવા સોફ્ટવેરને કારણે કેસ કાઢવામાં મુશ્કેલી થઈ રહી છે. સોફ્ટવેર નવું હોવા છતાં એક કેસ કાઢવામાં ૭થી ૧૦ મિનિટ સુધીનો સમય લાગે છે. સર્વર સ્લો હોવાની પણ ફરિયાદો ઉઠી રહી છે.

### અમૃત નામનો શખ્સ મહારાષ્ટ્ર કામ માટે જઈ રહ્યો હતો

## વલસાડના કપરાડામાં નદીમાં બે બાળક ડૂબી જવાથી એકનું મોત

| વલસાડ, તા.૧૪ |

અમૃત નામનો શખ્સ મહારાષ્ટ્ર કામ માટે જઈ રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી. આ વ્યક્તિ સાથે બે બાળકો પણ હતા. આ ઘટનામાં એક બાળકનું મોત થયું છે, જ્યારે એકને બચાવી લેવામાં આવ્યો છે. ગુજરાત મહારાષ્ટ્ર બોર્ડર પાસે આ ઘટના બની હતી. કપરાડા પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લઈ વધુ તપાસ હાથ ધરી છે. વલસાડના કપરાડામાં નદીમાં બે બાળક ડૂબી જવાથી એકનું મોત થયું હોવાની ઘટના સામે આવી છે. કપરાડાના આસલોણા ગામમાં બે બાળકો સાથે જઈ રહેલો શખ્સ નદીમાં તણાયો હતો. જ્યાં એક બાળકનું ડૂબી જવાથી મોત થયું છે, જ્યારે અન્ય એક બાળકનો બચાવી લેવામાં આવ્યો છે.મળતી માહિતી અનુસાર, અમૃત નામનો શખ્સ મહારાષ્ટ્ર કામ માટે જઈ રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી.

### જીજી હોસ્પિટલ ફરી એકવાર ચર્ચામાં

## જામનગરની જીજી હોસ્પિટલમાં દર્દીની જગ્યાએ પથારીમાં શ્વાન જોવા મળ્યો

| જામનગર, તા.૧૪ |

દર્દી સાથે બેડ પર શ્વાન પણ જોવા મળે તો ચોંકવાની જરુર નથી. જી હા, સામે આવેલા દ્રશ્યો આરોગ્ય વિભાગ માટે શરમજનક કહી શકાય. જામનગરની હોસ્પિટલની પથારીએ માત્ર દર્દીઓ જ નહીં, પરંતુ શ્વાન પર જાણે કે સારવાર લઈ રહ્યો હોય તેવો ઘાટ સર્જાયો છે.આપને જણાવી દઈએ કે આ એ જ જીજી હોસ્પિટલ છે. જ્યાં અગાઉ હોસ્પિટલમાં આખલો જોવા મળ્યો હતો. આમ તો હોસ્પિટલમાં દર્દીઓ જ દાખલ થતાં હોય છે, પરંતુ જો વાત જામનગરની હોય તો, અહીં દર્દી સાથે બેડ પર શ્વાન પણ જોવા મળે તો ચોંકવાની જરુર નથી. જી હા, સામે આવેલા દ્રશ્યો આરોગ્ય વિભાગ માટે શરમજનક કહી શકાય. જામનગરની હોસ્પિટલની પથારીએ માત્ર દર્દીઓ જ નહીં, પરંતુ શ્વાન પર જાણે કે સારવાર લઈ રહ્યો હોય તેવો ઘાટ સર્જાયો છે. આ એ જ જીજી હોસ્પિટલ છે. જ્યાં અગાઉ હોસ્પિટલમાં આખલાની એન્ટ્રી જોવા મળી હતી. ત્યારે આખલા બાદ હવે શ્વાનનો વીડિયો હોસ્પિટલના નઠોર તંત્રની ચાડી ખાઈ રહ્યો છે. આ મામલે જ્યારે હોસ્પિટલ સત્તાધીશોને પુછાયું તો એ જ જૂનો, જાણીતો જવાબ આપ્યો ઘટના અંગે તપાસ થશે અને કડક કાર્યવાહી કરવામાં આવશે. તો એવું નથી કે રખડતા શ્વાનની આ કોઈ પહેલી ઘટના હોય છે.

## વિશેષ લેખ

### હિન્દી ભાષા : વિશ્વમાં સૌથી વધુ ચોથા નંબરની બોલાતી ભાષા છે

# હિન્દી માત્ર એક ભાષા જ નથી પરતું ભારતીય સંસ્કૃતિની વાહક ભાષા પણ છે



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

ભારતમાં હિન્દી દિવસ ૧૪ સપ્ટેમ્બરે ઉજવવામાં આવે છે, પરંતુ વિશ્વમાં તે ૧૦ જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે. પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહે હિન્દી ભાષાની મહત્તા વધારવા માટે ૨૦૦૬માં દર વર્ષે ૧૦ જાન્યુઆરીએ હિન્દી દિવસ મનાવવાની જાહેરાત કરી હતી. આ દિવસને મનાવવાનો ઉદ્દેશ વિશ્વમાં હિન્દી ભાષાના પ્રચાર અને પ્રસાર માટે જાગૃત્તિ ફેલાવવાનો છે. વર્ષ ૧૯૭૫માં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી એ પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનનું ઉદ્દ્ઘાટન કર્યુ હતું. ૧૯૭૫થી ભારત, મોરિશિયસ, યુનાઈટેડ કિંગડમ, ત્રિનિદાદ અને ટોબેગો, યુએસએ જેવા વિવિધ દેશોમાં વિશ્વ હિન્દી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. ત્યારથી આ દિવસને વિશ્વ હિન્દી દિવસ તરીકે મનાવવામાં આવેછે વિશ્વ હિન્દી દિવસની ઉજવણીનો હેતુ વિશ્વમાં હિન્દીને આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે રજૂ કરવાનો છે.

ભારત જેવા વૈવિધ્યસભર દેશમાં કેટલાય પ્રકારની ભાષાઓ અને બોલીઓ બોલવામાં આવે છે. ખૂબ વિચાર-વિમર્શ કર્યા બાદ હિન્દી અને અંગ્રેજીને નવા રાષ્ટ્રની ભાષા પસંદ કરવામાં આવી.

બંધારણ સભાએ દેવનાગરી લિપિમાં લખેલી હિન્દીને અંગ્રેજો સાથે દેશની સત્તાવાર ભાષા તરીકે સ્વીકારી હતી. ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ના બંધારણ સભાએ એક મતથી હિન્દીને ભારતની ભાષા તરીકે પસંદ કરી. પહેલો હિન્દી દિવસ ૧૪ સપ્ટેમ્બર ૧૯૫૩માં મનાવવામાં આવ્યો હતો. હિન્દી માત્ર એક ભાષા નહિ પરતું ભારતીય સંસ્કૃતિની વાહક ભાષા પણ કેહવાય છે જેથી લોકો તેમની હજારો વર્ષ જૂની સંસ્કૃતિથી જોડાયલા રહે છે. હિન્દી આજે વૈશ્વિક ભાષા બની રહી છે અને તેનો પ્રચાર અને ફેલાવો સતત વધી રહ્યો છે. ૧૯૪૯ માં આ દિવસે સંવિધાન સભાએ હિન્દી ભાષાને પેલી વાર સત્તાવાર ભાષાના રૂપે સ્વીકાર્યું.

હિન્દી વિશ્વમાં ચોથી સૌથી વધુ બોલાતી ભાષા છે, નંબર વન પર અંગ્રેજી ભાષા, નંબર બે પર મેન્ડરિન અને ત્રીજા નંબરે સ્પેનિશ. વિશ્વમાં હિન્દીનો વિકાસ કરવા અને તેને આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે પ્રમોટ કરવાના ઉદ્દેશ્ય સાથે વિશ્વ હિન્દી પરિષદો શરૂ કરવામાં આવી હતી. પ્રથમ વિશ્વ હિન્દી પરિષદ ૧૦ જાન્યુઆરી ૧૯૭૫ ના રોજ નાગપુરમાં યોજાઈ હતી.હિન્દી ભાષાનો પ્રચાર હિન્દી ભાષા એ વિશ્વની સૌથી વધુ વસ્તી દ્વારા બોલાતી ભાષાઓમાંની એક છે. ભારત ઉપરાંત નેપાળ, મોરેશિયસ, ગુયાના, સુરીનામ, ત્રિનિદાદ અને ટોબેગો અને ફિજી જેવા અન્ય દેશોમાં પણ હિન્દી ભાષા બોલાય છે. હિન્દી એ વિશ્વમાં વ્યાપકપણે બોલાતી ભાષાઓમાંની એક છે અને ૫૨૦ મિલિયનથી વધુ લોકોની પ્રથમ ભાષા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને હિન્દી દિવસની શુભેચ્છા પાઠવી છે.એક ટ્વિટમાં મોદીએ એ તમામ લોકોને શુભેચ્છા પાઠવી છે. જેમણે હિન્દીને સમૃદ્ધ અને સશક્ત બનાવવામાં અથાક યોગદાન આપ્યું છે. તેમણે કહ્યું કે હિન્દીએ સમગ્ર વિશ્વમાં ભારતને વિશેષ સન્માન અપાવ્યું છે. મોદીએ કહ્યું, હતું કે તેની સાદગી અને સંવેદનશીલતા હંમેશા આકર્ષે છે.

જોકે આજે અંગ્રેજી ભાષાનું પલડું ભારે છે. આજે પણ દેશમાં અનેક લોકોને એવું લાગે છે કે જેને વધુ અંગ્રેજી આવડે તે જ્ઞાની છે. લોકો તેને હાઈપ્રોફાઈલ સમજવા લાગે છે. નોકરી વખતે પણ વ્યક્તિના અનુભવ કરતા અનેક કંપનીઓ એ જુએ છે કે ઉમેદવારની અંગ્રેજી ભાષા પર પકડ કેટલી છે. જો સમય સાથે આમ જ થતું રહ્યું તો હિન્દી ભાષા ક્યાક લોકો વચ્ચેથી ગાયબ થઈ ના જાય અને અંગ્રેજી ભાષાનું ચલણ વધી ના જાય એ જોવાની પણ આપણી ફરજ છે. જો આજે પણ આપણે ભાષાને લઈને સતર્કતા નહી વર્તીએ તો એ દિવસ દૂર નથી કે જ્યારે હિન્દી ભાષા આપણા વચ્ચેથી બિલકુલ ગાયબ થઈ જશે જો આપણે હિન્દી ભાષાના મહત્વને જાળવી રાખવું હોય તો તેના પ્રચાર અને પ્રસારને વધારવું પડશે. આ સાથે જ સરકારી અને પ્રાઈવેટ ઓફિસોમાં કામકાજમાં હિન્દીને પ્રાથમિકતા આપવી પડશે. આ સાથે જ ફક્ત અંગ્રજી ભાષાના આધારે કોઈની કાબેલિયત ન આંકવામાં આવે. અંગ્રેજી ભાષાના ફેક ભ્રમને આપણે આપણા મનમાંથી દૂર કરવો જ રહ્યો જેથી કરીને આવનારી પેઢી હિન્દી ભાષાને વધુ મજબૂત બનાવી શકે.

### ઈન્દોરમાં પત્રકાર પરિષદમાં ભાજપના નેતાનો મોટો દાવો

# પાકિસ્તાન છિન્ન છિન્ન થશે ત્યારે ભારતમાં આતંક ખતમ થશે : વીકે સિંહ

## દેશના દક્ષિણ ભાગમાં કેટલીક શક્તિઓએ અંગ્રેજો દ્વારા ઉત્પન્ન કરાયેલ સનાતન ધર્મ વિરોધી વિચારોનો રાજકીય ફાયદો ઉઠાવ્યો હોવાનો આક્ષેપ

। ઈન્દોર,તા.૧૪ ।

મધ્યપ્રદેશના નવેમ્બરમાં સંભવિત વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, ત્યારે ભારતીય જનતા પાર્ટીના પ્રચાર માટે મધ્યપ્રદેશ આવેલા વી.કે.સિંહે ઈન્દોરમાં પત્રકાર સાથે વાતચીત દરમિયાન મોટું નિવેદન આપ્યું હતું. ગઈકાલે અનંતનાગમાં થયેલા હુમલા મામલે ગુસ્સે ભરાયેલા વી.કે.સિંહે પાકિસ્તાનને આડે હાથ લીધું છે. તેમણે કહ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓની સંખ્યા પહેલા કરતા ઘટી છે અને આ સરહદી



પ્રાંતને દેશના અન્ય ભાગોથી અલગ માનનારા અલગતાવાદીઓ દ્વારા ફેલાવાતી ગેરસમજ પણ દુર થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, ‘જમ્મુ કાશ્મીરમાં ઈન્ફ્રાક્ટ્રક્ચર, ઉદ્યોગો અને પર્યટનમાં ઝડપી વિકાસ થઈ રહ્યો છે. જો સામાન્ય કાશ્મીરી નાગરિકને પૂછવામાં તો તે કહેશે કે, તે વિકાસથી ખુબ ખુશ છે. ગઈકાલે અનંતનાગમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં સુરક્ષા દળના ૩ અધિકારીઓ શહિદ થવા મામલે પૂર્વ આર્મી ચીફે કહ્યું કે, (જમ્મુ-કાશ્મીરમાં) છૂટક આતંકવાદી ઘટનાઓ થતી રહેશે. આતંકી ઘટનાઓને રોકવામાં સમય લાગશે, કારણ કે એક દેશ (પાકિસ્તાન) એવો છે, જે ભલે નાદાર થઈ ગયો હોય, પરંતુ તેના દિમાગમાં ભારતની આંતરીક બાબતો સાથે છેડછાડની કરવાની નાપાક વિચારો ગયા નથી.

### સતત પાંચમા મહિને ઓગસ્ટમાં જથ્થાબંધ ફૂગાવો નેગેટિવ ઝોનમાં રહ્યો

। નવી દિલ્હી, તા.૧૪ ।

આજે વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર ઓગસ્ટમાં સતત પાંચમાં મહીને ભારતનો જથ્થાબંધ ફુગાવાનો દર નેગેટિવ ઝોનમાં રહ્યો છે. જો કે નેગેટિવ ઝોનમાં રહ્યા છતાં જથ્થાબંધ મોંઘવારીનો દર (ડબલ્યુપીઆઈ) -૦.૫૨ ટકા રહ્યો હતો જે છેલ્લા પાંચ મહિનાના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યો છે. ઓગસ્ટમાં જથ્થાબંધ ફુગાવો જુલાઈના -૧.૩૬ ટકાથી વધીને -૦.૫૨ ટકા થયો છે. જો કે આ દર -૦.૬ ટકા રહેવાનો અંદાજ હતો. આ સિવાય ઓગસ્ટમાં ખાદ્ય પદાર્થોનો જથ્થાબંદ ફૂગાવો જુલાઈના ૭.૭૫ ટકાથી ઘટીને ૫.૬૨ ટકા થયો હતો. ઓગસ્ટમાં પ્રાથમિક વસ્તુઓનો ફુગાવાવી વાત કરીએ તો આ જૂલાઈના ૭.૫૭ ટકાથી ઘટીને ૬.૩૪ ટકા થયો હતો.

### દેશનું નામ ઈન્ડિયાથી ભારત કરવાનો વિવાદ

# બ્લૂ ડાર્ટે પ્રિમિયમ સર્વિસ ડાર્ટ પ્લેસનું નામ બદલીને ભારત ડાર્ટ કર્યું

## રાષ્ટ્રપતિ દ્વારા જી-૨૦ કાર્યક્રમમાં આયોજિત ડિનરના આમંત્રણ પત્રમાં ઇન્ડિયાને બદલે ભારત શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતા

। નવી દિલ્હી ,તા.૧૪ ।

દેશનું નામ ઈન્ડિયાથી બદલીને ભારત કરવાને લઈને રાજકીય વર્તુળોમાં ચાલી રહેલા વિવાદ વચ્ચે લોજિસ્ટિક્સ કંપની બ્લુ ડાર્ટે એક મોટી જાહેરાત કરી છે. કંપનીએ હવે તેની પ્રીમિયમ સર્વિસ ડાર્ટ પ્લસનું નામ બદલીને ભારત ડાર્ટ કરી દીધું છે, એમ બ્લુ ડાર્ટે બુધવારે એક કંપની ફાઈલિંગમાં જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે તે ભારતની વિશાળ જરૂરિયાતોને પૂરી કરવા માટેની કંપનીની અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. બ્લુ ડાર્ટે પોતાની પ્રીમિયમ સર્વિસ ડાર્ટ પ્લસનું નામ બદલતા હવે આ સેવા ‘ભારત ડાર્ટ’ તરીકે ઓળખાશે.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા ૯ સપ્ટેમ્બરે જી-૨૦ કાર્યક્રમ દરમિયાન ભારત મંડપમ ખાતે આયોજિત ડિનર માટે મોકલવામાં આવેલા આમંત્રણ પત્રમાં ઈન્ડિયાને બદલે ભારત શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમાં લખવામાં આવ્યું હતું કે આ આમંત્રણ ‘ભારતના રાષ્ટ્રપતિ’ દ્વારા મોકલવામાં આવ્યું છે. જેને લઈને રાજકીય ગરમાવો શરૂ થઈ ગયો હતો. આ મુદ્દો સોશિયલ મીડિયા પર પણ ચર્ચાનો વિષય બન્યો હતો. એવી અટકળો પણ છે કે ૧૮ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા સંસદના આગામી વિશેષ સત્રમાં દેશનું ઔપચારિક નામ બદલીને ભારત કરવા પર ચર્ચા થઈ શકે છે. જી૨૦ સમિટમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધન દરમિયાન તેમની સામેની નેમપ્લેટ પર પણ ‘‘ભારત’’ નામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બ્લુ ડાર્ટ એક્સપ્રેસ લિમિટેડે તેના તમામ શેરધારકોને આ ફેરફાર સ્વીકારવાની અપીલ કરી છે.

### ન્યૂઝ બ્રિફ

### યુક્રેનના રાષ્ટ્રપતિના સલાહકારે ભારતના લોકોને ‘મંદબુદ્ધિ’ ગણાવ્યા

। કીવ,તા.૧૪ ।

ભારતના નેતૃત્વમાં આયોજિત જી૨૦ સમિટના ઘોષણાપત્રથી મહદઅંશે નારાજ યુક્રેનના રાષ્ટ્રપતિના સલાહકાર માયખાઈલો પોડોલ્યાકે ભારતના લોકોને ‘મંદબુદ્ધિ’ ગણાવ્યા હતા. તેમણે ભારત જ નહીં ચીનના લોકોને પણ નબળી બૌદ્ધિક ક્ષમતા ધરાવતા લોકો ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે આ લોકો જે પગલાં ભરે છે તેના વિશે જાણતાં જ નથી કે તેના શું પરિણામ આવશે? પોડોલ્યાકે કહ્યું કે શું તમે જાણો છો કે ભારત અને ચીન સાથે લોચો શું છે? સમસ્યા એ છે કે આ લોકો જે કંઈ કરે છે તેના પરિણામ વિશે વિચારતાં નથી. આ દેશો પાસે ખૂબ જ નબળી બૌદ્ધિક ક્ષમતા છે. તેમણે કહ્યું કે હાં એ વાત સાચી છે કે આ લોકો વિજ્ઞાન પાછળ રોકાણ કરી રહ્યા છે. ભારતે લુનર રોવર લોન્ચ કર્યું જે ચંદ્રની સપાટી પર છે પણ તેનાથી એ નથી લાગતું કે તેમાં આધુનિક દુનિયાને સમજવાની ક્ષમતા છે. પોડોલ્યાકનો એક જૂનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં તે ચંદ્રયાન-૩ મિશનની વાત કરતા દેખાય છે. તેમણે કહ્યું હતું કે ચંદ્રયાન મિશનની સફળતાનો મતલબ એ નથી કે ભારતના લોકો સમજુ છે.

### હિમાચલમાં વરસાદને લીધે અત્યાર સુધી ૪૨૮ લોકોનાં મોત

। સિમલા,તા.૧૪ ।

હિમાચાલ પ્રદેશમાં ફરી એકવાર ચોમાસું સક્રિય થશે, રાજ્યમાં છેલ્લા બે અઠવાડિયાથી ચોમાસાએ વિરામ લીધો હતો ત્યારે હવે ફરી એકવાર પહાડી ક્ષેત્રો અને મેદાની વિસ્તારોમાં લોકોને ભારે ગરમીથી રાહત મળશે. હવામાન વિભાગે આગામી ૧૭મી સપ્ટેમ્બર સુધી રાજ્યમાં વિવિધ ભાગોમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ તેમજ વાવાઝોડાની આગાહી કરી છે તેમજ એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યુ છે. રાજ્યમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ તેમજ વાવાઝોડાની આગાહી થતા તે લોકોની ચિંતામાં વધારો કર્યો છે જેના ઘરો ભારે વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયા હતા. રાજ્યમાં આ પહેલા થયેલા વરસાદને કારણે લગભગ ૧૧ હજારથી વધુ ઘરો ક્ષતિગ્રસ્ત થયા છે તેમજ ૨૬૧૧ ઘરો ધરાશાયી થયા છે. રાજ્યમાં ભારે વરસાદથી અત્યાર સુધીમાં ૪૨૮ના મોત થયા છે જ્યારે ૭૦ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં પાલમપુરમાં ૫૭, નાહનમાં ૪૪ અને પાવંટા સાહિબમાં ૧૭ મિમી વરસાદ થયો છે. આજથી કેટલાક જિલ્લાઓમાં ચોસાસાની અસર જોવા મળશે. રાજ્યમાં અગાઉ થયેલા ભારે વરસાદને પગલે બે નેશનલ હાઈવે સહિત કુલ ૭૦ રસ્તાઓ બંધ છે જ્યારે ૨૫૦થી વધુ બસોના રુટ છેલ્લા બે મહિનાથી બંધ છે. આ બે મહિનાઓમાં પ્રદેશના લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ સિવાય શિમલામાં ૧૦, કુલ્લુમાં ૧૮ રસ્તાઓ વાહનવ્યવહાર બંધ છે તેમજ ૩૩ ટ્રાન્સફોર્મર ઠપ થતા પાવર કટની સમસ્યાનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

### ગૌરક્ષક મોનુ માનેસરની હરિયાણાથી ધરપકડ કરાઈ હતી

# જુનૈદ-નાસિરને સળગાવવાનો પ્લાન આઠ દિવસ પહેલા બનાવ્યાની મોનુની કબૂલાત

## સુરક્ષાના કારણોસર તેને ભરતપુરના મથુરા ગેટ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યો હતો, જ્યાં ડીગ પોલીસ સ્ટેશનના આધિકારીઓ મોનુ માનેસરની પૂછપરછ કરી

। ભરતપુર, તા.૧૪ ।

ગૌરક્ષક મોનુ માનેસરની મંગળવારે હરિયાણાથી ધરપકડ કરવામાં આવી હતી, ત્યારબાદ તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને રાજસ્થાન પોલીસને સોંપવામાં આવ્યો હતો. જુનૈદ-નાસિર હત્યા કેસ સંદર્ભે રાજસ્થાન પોલીસ મોનુને માનેસરની કસ્ટડી લીધી હતી. સુરક્ષાના કારણોસર તેને ભરતપુરના મથુરા ગેટ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યો હતો, જ્યાં ડીગ પોલીસ સ્ટેશનના આધિકારીઓ મોનુ માનેસરની પૂછપરછ કરી રહી છે. રાજસ્થાન પોલીસે મોનુ માનેસરને



૨ દિવસના પોલીસ રિમાન્ડ પર લીધો છે. મોનુ માનેસરે પૂછપરછ દરમિયાન મોટો ખુલાસો કર્યો છે.

મોનુ માનેસરે પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું કે તેની ગેંગે જુનૈદ અને નાસિરને પાઠ ભણાવવા માટે ૮ દિવસ પહેલા જ સંપૂર્ણ પ્લાનિંગ કરી લીધું હતું. ૧૪-૧૫ ફેબ્રુઆરીના રોજ અપહરણ અને બીજા દિવસે સવારે સળગાવીને હત્યા કરવાનું સમગ્ર કાવતરું પહેલેથી જ તૈયાર હતું. જુનૈદ અને નાસિરને ક્યારે અને ક્યાંથી ઉપાડવામાં આવશે તે પણ નક્કી થઈ ગયું હતું. આ પછી તેણે તેના અન્ય સહયોગીઓ સાથે મળીને જુનૈદ અને નાસિરને પકડવા સંપૂર્ણ યોજના બનાવી હતી. ઘટનાના ૨-૩ દિવસ પહેલા જ તે રાજસ્થાન બોર્ડર પર સ્થિતિ તપાસવા ગયો હતો. આ પછી જુનૈદ અને નાસિરને ૧૪-૧૫ ફેબ્રુઆરીની રાત્રે ઝડપી લેવામાં આવ્યા હતા.

### કેન્દ્રએ સંસદના વિશેષ સત્રનો એજન્ડા જાહારે કર્યો

# સંસદના વિશેષ સત્રના પ્રથમ દિવસે ૭૫ વર્ષમાં સંસદની યાત્રા પર ચર્ચા થશે

## સરકાર ‘એક રાષ્ટ્ર, એક ચૂંટણી’ અને દેશનું નામ ઈન્ડિયાથી બદલીને ભારત કરવાનો પ્રસ્તાવની અટકળોનો અંત આવ્યો

। નવી દિલ્હી, તા.૧૪ ।

કેન્દ્ર સરકારે ૧૮ થી ૨૨ સપ્ટેમ્બર સુધી સંસદના વિશેષ સત્રનો પ્રસ્તાવિત એજન્ડા જાહેર કરી દીધો છે. આ અંગે માહિતી શેર કરતાં સરકારે જણાવ્યું કે સત્રના પ્રથમ દિવસે લોકસભા અને રાજ્યસભામાં ૭૫ વર્ષમાં સંસદની યાત્રા પર ચર્ચા થશે. આ દરમિયાન બંધારણ સભાને લઈને આજ સુધીની સંસદીય યાત્રા અંગે ચર્ચા કરાશે. જ્યારે સત્ર દરમિયાન ચાર બિલ પણ રજૂ કરાશે. ખરેખર તો ૩ ઓગસ્ટે રાજ્યસભામાં એડવોકેટ્સ (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૩ અને પ્રેસ



એન્ડ પીરિયોડિકલ રજિસ્ટ્રેશન બિલ ૨૦૨૩ પસાર કરવામાં આવ્યા હતા. તેને હવે લોકસભામાં રજૂ કરવામાં આવશે.

૧૦ ઓગસ્ટના રોજ પોસ્ટ ઓફિસ બિલ, ૨૦૨૩ અને મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર (નિયુક્તિ, સેવાની શરતો અને કાર્યકાળની મુદત) બિલ, ૨૦૨૩ રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યું હતું જેની ચર્ચા હવે વિશેષ સત્ર દરમિયાન કરવામાં આવશે. મોદી સરકાર દ્વારા બોલાવવામાં આવેલા આ પાંચ દિવસીય વિશેષ સત્રના એજન્ડાને લઈને વિપક્ષ સતત સવાલો ઉઠાવી રહ્યો હતો. કોંગ્રેસ દ્વારા સરકારને નિશાન બનાવવામાં આવી રહી હતી. વિપક્ષે માંગ કરી હતી કે સરકાર એજન્ડા જાહેર કરે. હવે મોદી સરકારે આ અંગેનો પ્રસ્તાવિત એજન્ડા બહાર પાડ્યો છે. કારણ કે, એવી અટકળો હતી.




કેરળમાં નિપાહ વાયરસ ફાટી નીકળતા એક કંટ્રોલરૂમમાં આરોગ્ય કર્મચારીઓ વાતચીત કરતા નજરે પડે છે.

### ભયાવહ ભૂકંપથી મોરક્કોની હાલત દયનીય

# મોરક્કોમાં ભૂકંપ અમેરિકાનું કાવતરૂં હોવાની શંકા

। મોરક્કો,તા.૧૪ ।

ભયાવહ ભૂકંપને લીધે આફ્રિકી દેશ મોરક્કોની હાલત દયનીય થઈ ચૂકી છે. ૬.૮ની તીવ્રતાના આ ભૂકંપમાં ૩૦૦૦થી વધુ લોકોના મૃત્યુ થયાના અહેવાલ છે. દેશભરમાં ભૂકંપને કારણે મચી ગયેલી તબાહીનો માહોલ સર્જાયો હતો. એક તરફ સરકાર આ ભૂકંપથી સર્જાયેલ નુકશાનની ભરપાઈ કરવામાં લાગી છે તો બીજી તરફ કેટલીક કંસ્પિરેસી થિયરીની વાતોએ પણ વેગ પકડ્યો છે. થોડા દિવસ પહેલા એક વીડિયો વાયરલ થયો હતો જેમાં ભૂકંપ પહેલા આકાશમાં રહસ્યમય રોશનીનો પ્રકાશ જોવા મળ્યો હતો. જેના પરથી એકવું માનવામાં આવી રહ્યું છે કે આ કોઈ કુદરતી આફત નથી પરંતુ એક હાઈટેક લેબ દ્વારા સર્જવામાં આવેલ એક કારસ્તાન છે. ઘણા બધા લોકો એવું માનવું છે કે, અમેરિકી મિલેટ્રી પ્રોગ્રામ હાર્પદ્વારા આ કારસ્તાન કરવામાં આવ્યું છે. હાર્પએ એક અમેરિકન પ્રોજેક્ટ છે જે અલાસ્કામાં વેધશાળામાં સ્થિત છે. આ પ્રોજેક્ટ રેડિયો ટ્રાન્સમીટરની મદદથી ઉપરના આયોનોસ્ફિયરનો અભ્યાસ કરે છે. વર્ષ ૨૦૨૨ માં તેના હવામાન પર ઘણા મોટા પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા હતા, પરંતુ તેમાં ભૂકંપ લાવવાની ક્ષમતા છે તેવું ક્યારેય કહેવામાં આવ્યું નથી. અગાઉ પણ, હાર્પકુદરતી આફતોને લઈને શંકાના દાયરામાં રહી હતી. આ સંશોધન સંસ્થાને ઘણા દેશોમાં ભૂકંપ, સુનામી અને



ભૂસ્ખલન માટે જવાબદાર ઠેરવવામાં આવી હતી. હાર્પને અગાઉ પણ ઘણા સવાલો ઉઠાવવામાં આવ્યા છે. આવા ષડયંત્ર સિદ્ધાંતો પહેલા પણ સાંભળવા મળ્યા છે. એવું અનુમાન છે કે, ઘણા દેશો હવામાનને કંટ્રોલ કરીને અન્ય પર હુમલો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ હુમલો શસ્ત્રો કે પરમાણુ બોમ્બથી નહીં, પણ કુદરતી આફત જેવો દેખાશે. જેમ એક કોઈ દેશે વરસાદને કંટ્રોલ કરી પોતાના દુશ્મન દેશમાં દુષ્કાળની પરિસ્થિતિ સર્જી શકે છે અથવા પૂર જેવી વિનાશ પરિસ્થિતિ લાવી શકે છે. ભૂકંપ કે સુનામીનું પણ આ શ્રેણીમાં સામેલ છે. વાયરસ અથવા બેક્ટેરિયાને ફેલાવીને જે રીતે બાયોલોજીકલ એટેક દુશ્મન દેશમાં કરવામાં આવે છે આ પણ તેના જેવું છે. હવામાનને પોતાના અંકુશમાં લેવાના પ્રયાસો સૌ પ્રથમ અમેરિકાએ કર્યો એવો રશિયા દ્વારા આરોપ લાગવામાં આવે છે. ઓગસ્ટ ૧૯૫૩ માં, આ દેશે હવામાન નિયંત્રણ પર રાષ્ટ્રપતિની સલાહકાર સમિતિની રચના કરી. સમિતિ એ સમજવા માંગતી હતી કે હવામાનમાં ફેરફાર કેવી રીતે કરી શકાય જેથી તેનો ઉપયોગ રાષ્ટ્રીય હિતમાં થઈ શકે. એવું માનવામાં આવી રહ્યું છે કે અમેરિકાએ વિયેતનામ યુદ્ધ દરમિયાન ચોમાસાને વધારવા માટે ક્લાઉડ સીડિંગને હથિયાર બનાવ્યું.

### બોલિવૂડના મિસ્ટર પર્ફેક્ટનિસ્ટની પુત્રી ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી દૂર

# આમિરની પુત્રી આયરા 3 ઓક્ટોબરે મંગેતર નુપૂર શિખર સાથે કોર્ટ મેરેજ કરશે



। મુંબઈ,તા.૧૪ ।

બોલીવૂડના મિસ્ટર પર્ફેક્સનિસ્ટ કહેવાતા એવા આમિર ખાનની પુત્રી આયરાએ હજુ સુધી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પગ મુક્યો નથી. પરંતુ તે લોકો વચ્ચે ખુબ ફેમસ છે. તેને સોશ્યલ મીડિયા પર લાખો લોકો ફોલો કરે છે. આયરા પણ પોતાના ફેન્સ સાથે પર્સનલ અને પ્રોફેશનલ લાઈફથી જોડાયેલી વાતો શેર કરતી હોય છે. હવે આયરાના ફેન્સ માટે એક સારા સમાચાર આવી રહ્યા છે. આયર તેના મંગેતર નુપૂર શિખરે સાથે લગ્નના બંધનમાં બંધાવા જઈ રહી છે.આમિર ખાન અને રીના દત્તાની પુત્રી આયરા આવતા મહિને લગ્ન કરવા જઈ રહી છે. મળેલા અહેવાલો મુજબ આયરા તેના મંગેતર નુપૂર શિખરે સાથે ૩ ઓક્ટોબરના રોજ કોર્ટ મેરેજ કરવાની છે. ત્યારબાદ તમામ ફંકશન રાજસ્થાનના ઉદયપુરમાં થશે. આ ફંકશન ત્રણ દિવસ સુધી ચાલશે. આ ફંકશનમાં મિત્રોની સાથે ફેમિલી મેમ્બર સામેલ થશે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો આ ફંકશનમાં સામેલ થવાના નથી. આમિર ખાન દીકરીના લગ્નને લઈને ખુબ ઉત્સાહિત છે અને તે તૈયારીઓમાં લાગેલો છે. આયરા અને નુપૂરની સગાઈ નવેમ્બર ૨૦૨૨માં થઈ હતી. સગાઈમાં બોલીવૂડના ઘણાં સેલેબ્સ સામેલ થયા હતા. સગાઈના ઘણાં ફોટોસ અને વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા હતા જેમાં આમિર ખાન ડાન્સ કરતો પણ જોવા મળ્યો હતો.

### પક્ષપાતી રિપોર્ટિંગને કારણે લોકો માની બેસે છે કે આરોપીએ ગુનો કર્યો

# ફોજદારી કેસોમાં મીડિયા બ્રીફિંગ અંગે બે માસમાં માર્ગદર્શિકાનો સુપ્રીમનો નિર્દેશ

## કેટલીકવાર મીડિયા રિપોર્ટ્સ પીડિતની પ્રાઈવસીનું પણ ઉલ્લંઘન કરતી હોવાનું સુપ્રીમ કોર્ટની બેન્ચનું અવલોકન

। નવી દિલ્હી ,તા.૧૪ ।

સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને ૨ મહિનાની અંદર ફોજદારી કેસોમાં મીડિયા બ્રીફિંગ અંગે માર્ગદર્શિકા તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું હતું કે પક્ષપાતી રિપોર્ટિંગને કારણે લોકો માની બેસે છે કે આરોપીએ ગુનો કર્યો છે.

બેન્ચે કહ્યું કે કેટલીકવાર મીડિયા રિપોર્ટ્સ પીડિતની પ્રાઈવસીનું પણ ઉલ્લંઘન કરે છે. બેન્ચે તમામ રાજ્યોના પોલીસ મહાનિર્દેશકો (ડીજીપી) ને આદેશ આપ્યો છે કે તેઓ ગુનાહિત કેસોમાં પોલીસ મીડિયા બ્રીફિંગ માટે નિયમો તૈયાર કરવા અંગે ગૃહ મંત્રાલયને એક મહિનાની અંદર સૂચનો આપે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ‘તમામ ડીજીપીએ એક મહિનાની અંદર ગૃહ મંત્રાલયને માર્ગદર્શિકા માટે તેમના સૂચનો આપવા. આ સાથે નેશનલ હ્યુમન રાઇટ્સ કમિશન (એનએહઆરસી)ના સૂચનો પણ ધ્યાનમાં લઈ શકાય. સુપ્રીમ કોર્ટે ઈલેક્ટ્રોનિક મીડિયામાં



રિપોર્ટિંગની નવી પદ્ધતિઓ અંગે પણ ધ્યાન દોર્યું મૂક્યો હતો. ચીફ જસ્ટિસે આને ખૂબ જ મહત્વનો મુદ્દો ગણાવતા કહ્યું કે, એક તરફ લોકોને માહિતી આપવી જરૂરી છે, તો બીજી તરફ જો તપાસ દરમિયાન કોઈપણ પ્રકારના પુરાવા જાહેર થઈ જાય તો તેની અસર તપાસ પર પડી શકે છે.

આ સાથે આરોપીઓના અધિકારો અંગે વાત કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે મીડિયા ટ્રાયલ કરીને કોઈને ફસાવવાનું અયોગ્ય છે. સુનિશ્ચિત કરવું જોઈએ કે કોઈ પણ ઘટસ્ફોટની મીડિયા ટ્રાયલ ન થવી જોઈએ જેથી આરોપીને અગાઉથી ગુનેગાર ગણવામાં ન આવે.

## તંત્રી લેખ...

# નામ ભારત કે ઈન્ડિયા? માત્ર ઈલેક્શાન પુરતુ જ

આપણા બંધારણમાં લખવામાં આવ્યું છે, ઈન્ડિયા, ધેટ ઈઝ ભારત, દેશનું નામ સત્તાવાર રીતે ઈન્ડિયા અને ભારત બન્ને છે. દેશનું નામ બદલાઈને માત્ર ભારત કરવામાં આવે તો તેમાં ખુશ થવા જેવું છે. ઈન્ડિયા શબ્દ આપણો નથી. એ આક્રમણખોરો અને આતતાયીઓએ આપેલું નામ છે. મૂળ સિંધુ નદીના કાઠાનો વિસ્તાર, સિંધુ બોલતા આત્યાયીઓને અવળે નહીં એટલે ઈન્ડસ બોલતા અને એમાંથી એ વિસ્તારના લોકો ઈન્ડિયન અને વિસ્તાર ઈન્ડિયા થયો, ઈન્ડિયન શબ્દ અંગ્રેજીમાં આદિવાસીના પર્યાયમાં વાપરવા માંડ્યો હતો. જ્યાં ગોરા ગયા ત્યાના મૂળ લોકોને તેમને ઈન્ડીયન કહ્યા. અમેરિકા અને ઓસ્ટ્રેલીયામાં રેડ ઈન્ડીયન કહ્યા. ઈન્ડીયન એટલે મૂળ રહેવાસી, આદિવાસી એવા અર્થમાં તેઓ રેડ ઈન્ડીયન કે ઈન્ડીયન શબ્દ વાપરતા. અંગ્રેજીમાં આપણા દેશનું નામ ઈન્ડિયા લખાય અને દેશી ભાષાઓમાં ભારત લખાય એ સામાન્ય શિષ્તતા હતી અને એમાં કોઈને કઈ વાંધો પણ નહોતો. હમણાં સુધી તો નહોતો જ પણ જ્યારથી વિપક્ષના ગઠબંધનનું નામ ઈન્ડિયા રાખવામાં આવ્યું ત્યારથી ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને ઈન્ડિયા શબ્દ અકારો લાગવા માડ્યો અને દેશનું નામ રાષ્ટ્રપતિના આમંત્રણમાં ઈન્ડિયાને બદલે ભારત લખવામાં આવ્યું. ચર્ચા એવી પણ ચાલુ થઈ કે સરકાર દેશનું નામ બદલીને માત્ર ભારત કરી દેવા માંગે છએ. એવું થાય તો યોગ્ય છે પણ વિપક્ષના ગઠબંધનના નામને લીધે દેશનું નામ બદલાવવાનું વિચારવામાં આવે એ યોગ્ય નથી. હવે અચાનક ભાજપના નેતાઓને લગવા માંડ્યું છે કે, ઈન્ડિયા શબ્દ ગાળ છે. આવું ન હોય, વાસ્તવમાં રાષ્ટ્રપતિ દ્વારા જી ૨૦ ડીનર માટે મોકલાયેલા આમંત્રણમાં ભારત લખવું એ ચૂંટણીનું એક ગતકડું માત્ર છે. વિપક્ષના ગઠબંધનને જરા પણ જગ્યા ન મળે એ માટે એટલા ભરચક પ્રયાસો કરવામાં આવે કે ક્યારેક નિરીક્ષકો પણ ભાર્મનામાં આવી જાય કે, ભાજપ અને તેના એનડીએના સાથીઓ ડરી તો નથી ગયાને, પણ એવું હરગીઝ નથી. ભાજપ કે તેના સાથીઓ વિપક્ષના ઈન્ડીયા ગઠબંધનથી ડર્યા નથી, એ વિપક્ષને એન્ગેજ રાખવા માંગે છે. તેને એક એક પગલે ધીખતીધરા થતી રહે તેવું ઈચ્છે છે. વિપક્ષે ઈન્ડિયા નામ રાખ્યુ ત્યારે વડાપ્રધાન તેનો ઉલ્લેખ આઈ ટોડ એન ડોટ ટી ડોટ આઈ ડોટ એ તરીકે કરતા હતા અને એવું ઈચ્છતા કે કોઈ આ ગઠબંધનને ઈન્ડિયા ન કહે, પણ ઈન્ડીયા નામ વાપરવા માંડ્યું, એટલે સંઘ પ્રમુખે સૂચન કર્યુ કે, ઈન્ડિયાને બદલે ભારત વપરાવું જોઈએ. એ પછી સીધું જ રાષ્ટ્રપતિના આમંત્રણમાં ભારત નામ આવ્યું. વિપક્ષ માટે ભાજપે એવી મુશ્કેલ સ્થિતિ કરી દીધી છે કે, ભારત શબ્દનો ઉપયોગ કરવાની ટીકા પણ કરી શકે એમ નથી. જોકે સમસ્યા તો બને બાજુ થવાની છે. સંસદનું વિશેષ સત્ર બોલાવાયું છે એમાં ભારત નામ જ રાખવું એવો ઠરાવ થાય તો વિપક્ષ ક્યા મોઢે એનો વિરોધ કરે ?

# સૌહાર્દ બગાડતી વિષવમનની પ્રવૃત્તિ

ભારત પોતાની આઝાદીનો અમૃતકાળ ઉજવી રહ્યું છે, પરંતુ આપણા રાજનેતા અને વિભિન્ન ધર્મો સાથે જોડાયેલ ધર્મગુરુ, મૌલવી અને પાદરી ધાર્મિક અને જાતિગત મુદ્દા પર ઝેર પાયેલાં તીર છોડી રહ્યા છે, જેનાથી અસહિષ્ણુતાને જ બળ મળી રહ્યું છે. દેશમાં વધતી અસહિષ્ણુ મુદ્દે સુપ્રીમ કોર્ટે આ જ વર્ષે એપ્રિલમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને નફરતી ભાષણ એટલે કે 'હેટ સ્પીચ' આપનારા વિરુદ્ધ સખ્તાઈ રાખવા અને તરત એફઆઈઆરનો નિર્દેશ આપ્યો હતો. સરકારો દ્વારા સુપ્રીમ કોર્ટની આ સલાહો પર કોઈ અમલ ન થયો, કે ના સુપ્રીમ કોર્ટે જાતે આ ઘટનાઓની નોંધ લીધી! હાલમાં જ તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનના પુત્ર અને મંત્રી ઉદયનિધિ સ્ટાલિને સનાતન ધર્મની તુલના મચ્છર, મેલેરિયા, ડેંગ્યુ અને કોરોના મહામારી સાથે કરતાં તેને ખતમ કરવા બાબતનું વાંધાજનક નિવેદન આપ્યું. ડીએમકેના નેતાઓની બદજુબાન અહીં જ ન અટકી, બલ્કે સ્ટાલિનની જ પાર્ટીના સાંસદ અને ટુજી કૌભાંડમાં ખરડાયેલા અને જેલની હવા ખાઈ આવેલા પૂર્વ કેન્દ્રીય મંત્રી એ.રાજાએ સનાતન ધર્મને કુષ્ઠ અને એઈડ્સ ગણાવી દીધો. તેમણે એમ પણ કહ્યું કે સનાતનથી દુનિયાને ખતરો છે. ઉલ્લેખનીય છે કે ડીએમકે વિપક્ષી દળોના ગઠબંધન આઈએનડીઆઈએનું મહત્ત્વનો ઘટક છે, જેઓ નરેન્દ્ર મોદીને સત્તામાંથી દૂર કરવા ભેગા થયા છે. ડીએમકે નેતાઓના બફાટને કારણે કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષોને શું બોલવું તેની સમજ નથી પડતી. એક તરફ ગઠબંધનના મુખ્ય નેતા રાહુલ ગાંધી દેશ-દુનિયામાં ફરી ફરીને 'મોહબ્બતની દુકાન' ખોલવાનાં બણગાં ફૂંકતા ફરે છે અને તેમના સહયોગીઓ નફરતનો સામાન વેચી રહ્યા છે. આવાં નિવેદનોથી ભાજપને બેઠાં બેઠાં 'ધાર્મિક ધ્રુવીકરણ'નું રાજકીય હથિયાર મળી ગયું છે. હવે ભાજપી નેતાઓ આ નિવેદનો મુદ્દે વિપક્ષી ગઠબંધન અને કોંગ્રેસને સાણસામાં લઈ રહ્યા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે રાજનીતિ અને ધર્મ બંને અલગ-અલગ ચીજ છે, તેની ભેળસેળની જરૂર નથી. તેઓ આવી સલાહ ભલે આપે, પરંતુ એ સત્ય છે કે મોટાભાગની ચૂંટણીઓમાં રાજકીય પક્ષો મતદારોને ધર્મ અને જાતિની ચાસણીમાં લપેટેલી રેસિપી જ પીરસી રહ્યા છે. રાજકીય પક્ષોની યેનકેન પ્રકારે સત્તા મેળવવાની રણનીતિને કારણે દેશમાં હાલમાં ધર્મ અને જાતિની રાજનીતિ હાવી છે, પરિણામે અશિક્ષા, બીમારી, મોંઘવારી, બેરોજગારી અને ગરીબી જેવા બુનિયાદી મુદ્દા હાંશિયામાં ધકેલાઈ જાય છે. આપણા રાજનેતાઓ અને ધર્મગુરુઓ માત્ર ધર્મ અને મજહબના નામે જ વિષવમન નથી કરતા, બલ્કે તેઓ પરસ્પર વિરોધી નેતાઓ વિશે પણ હલકી ટિપ્પણીઓ કરે છે, જેને સભ્ય સમાજમાં સ્વીકાર ન કરી શકાય. અસલમાં સમાજમાં અસહનશીલતા અને અસહમતિને નકારવાની પ્રવૃત્તિ એટલી વધી રહી છે કે દરેક ધર્મ પોતાના મૂળથી જ ભટકવા લાગ્યો છે, જ્યારે તમામ ધર્મોનું મૂળ વિશ્વશાંતિ અને માનવ કલ્યાણ છે. અલબત્ત રાજનેતાઓ દ્વારા ચૂંટણી અભિયાનથી માંડીને સંસદ, સદન અને સડકો પર જે રીતે પોતાના વિરોધીઓ પર હલકી ટિપ્પણીઓ કરાઈ રહી છે તેનાથી એ જ પ્રતીત થાય છે કે ભલે દેશને સ્વતંત્ર થયે પંચોતેર વર્ષ થઈ ગયાં, પરંતુ આ વૃદ્ધ લોકતંત્રમાં રાજકારણ હજુ પણ પરિપક્વ નથી થયું. દેશમાં ચાલતા ધાર્મિક કટ્ટરવાદ અને નફરતને સોશ્યલ મીડિયા ખૂબ હવા આપી રહ્યું છે. અભિવ્યક્તિની આઝાદીના નામે આ મીડિયામાં ગમે તે લખવામાં, બોલવામાં કે દેખાડવામાં આવે છે. સોશ્યલ મીડિયા આજે સામાન્ય જિંદગીનો હિસ્સો બની ગયું છે.

# સ્વ દેહ માટે કે સ્વ પરિવાર માટે માનવી જેમ જેમ સ્વાર્થ ને સાધન બનાવવા લાગ્યો છે, તેમ તેમ એની માનવતા પાતાળે ચાલી જાય છે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

આજે શ્રાવણ વદ અમાસ અને એને સૌરાષ્ટ્ર પંથકમાં ભાદરવી પણ કહેવામાં આવે છે. ભોળાં ભક્તોનાં ભોળાનાથ એવા શિવ શંકરની આરાધનાનાં દિવસો પત્યા. આમ તો સાતે વાર અલ્લાહના એમ ઈશ્વરને ભજવા માટે કોઈ નિયત દિવસ, કે નિયત ચોઘડિયાની જરૂર હોતી નથી, અને એમાં પણ ભગવાન શંકરનુ મંદિર પણ આખો દિવસ ખુલ્લુ રહે છે. તેના તો આપણે ગમે ત્યારે દર્શન કરી શકીએ, ગમે ત્યારે પોકારી શકીએ, ગમે ત્યારે ભજી શકીએ. સામાન્ય રીતે મહાદેવ ભોળાનાથ અને શિવ શંકરનાં નામે ઓળખાતાં શિવજીનાં આપણા સમાજમાં ખૂબ બધાં નામ પ્રચલિત છે, અને એક નામ ના કેટલાય મંદિરો હોય, એ પણ બહુ સ્વાભાવિક વાત છે. શિવાલય માટે મુખ્યત્વે તેનો પ્રગટ સ્થાનનો મહિમા દર્શાવતું નામ હોય છે. આખો મહિનો આપણે ગુજરાત અને ગુજરાતની બહાર આવેલા કેટલાય શિવાલયો અને તેના ઐતિહાસિક કારણો કે કથા વિશે વાત કરી, અને હજી તો આખું વર્ષ પુરું થાય તોય શિવાલય પુરાં થાય એમ નથી. આજે આપણે ગુજરાતમાં જ આવેલા ત્રણ પાતાળેશ્વરનાં મંદિર વિશે આપણે વાત કરીશું.

પ્રથમ પાતાળેશ્વર મહાદેવનું મંદિર પાલનપુર પાસે આવેલું છે, અને તે સિદ્ધરાજ જયસિંહના જન્મ સ્થળ પાસે તેની માતા મીનળદેવી દ્વારા બનાવવામાં આવ્યું છે. ઈ.સ. ૧૧૫૦માં પાલનપુર ખાતે ગર્ભાવસ્થા ની વેળા ગર્ભવતી રાણી મિનળદેવીની કુખે તેજસ્વી બાળકનો જન્મ થયો હતો. જે મોટો થતાં સિદ્ધરાજ જયસિંહ તરીકે પ્રસિદ્ધ થયો હતો. પુત્ર જન્મની ખુશાલીમાં માતા મિનળદેવીએ આ સ્થળે એક વાવ ખોદાવવાની શરૂ કરી. ખોદકામ દરમ્યાન પાતાળમાંથી સ્વયંભુ શિવલીંગ પ્રગટ થતાં મીનળદેવીએ તે સ્થળે મંદિર બાંધવાનો નિર્ણય કર્યો હતો. આ મંદિરની રચના પાતાળ જેવી હોવાને લીધે તેનું નામ પાતાળેશ્વર મહાદેવ રાખવામાં આવ્યું હતું. પાલનપુરના ઈતિહાસમાં અને કીર્તિસ્તંભ ઉપરના શિલાલેખમાં




પણ આ જગ્યા સિદ્ધરાજ જયસિંહનું જન્મસ્થળ હોવાનો ઉલ્લેખ છે. આજે પણ શ્રદ્ધાળુઓ દુર-દુરથી ખાસ કરીને શ્રાવણ માસ દરમિયાન આ શિવાલયના દર્શન માટે આવે છે. બીજું પાતાળેશ્વર નું મંદિર મધ્ય ગીરમાં આવેલું અને વર્ષમાં માત્ર બે જ વાર દર્શન માટે ખુલતું પાતાળેશ્વર મહાદેવનું મંદિર ભક્તોમાં ભારે આસ્થા ધરાવે છે. ગીરમાં અનેક ફરવા લાયક કુદરતી સ્થળ તેમજ મહાભારત સમયના અનેક શિવલિંગો આવેલા છે. તેમાનું એક શિવલિંગ એટલે પાતાળેશ્વર મહાદેવ. બાબરિયા ગામથી આઠ કિલોમીટર અંદર બાબરીયા જંગલમાં આવેલું તીર્થ સ્થાન અતિ રમણીય અને પાવનકારી છે. પ્રકૃતિની સાનિધ્યમાં આવેલું શિવલિંગ લોકોને ખૂબ જ આકર્ષે છે. લોકવાયકા મુજબ મહાભારત સમયમાં પાંડવોના અજ્ઞાતવાસ દરમિયાન પાંડવોની ભક્તિથી ખુશ થઈને મહાદેવ ખુદ પાતાળમાંથી ઉત્પન્ન થઈ, કુંતા માતા તેમજ પાંડવોને દર્શન આપ્યા હતા. બસ ત્યારથી પાતાળેશ્વર મહાદેવ અહીં બિરાજમાન છે. વર્ષ દરમિયાન અપૂજ રહેતા પાતાળેશ્વર મહાદેવની પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શિવભક્તો પૂજા-અર્ચના કરીને ધન્યતા અનુભવે છે. અહીં એક મોટા ઓટલા પર પાતાળેશ્વર મહાદેવની શિવલિંગ સ્થાપિત છે. જેને ફરતે લીલીછમ વનરાજી, ખળખળ વહેતા ઝરણાં અને વન્ય પક્ષીઓના કલરવથી વાતાવરણ સુગંધિત થઈ જાય છે.જંગલ વિસ્તારમાં સ્વયંભૂ પ્રગટેલા પાતાળેશ્વર મહાદેવના દર્શન કરીને ભક્તો ભારે શાંતિનો અનુભવ કરે છે. પાતાળેશ્વર મહાદેવનું મંદિર જંગલમાં હોવાને કારણે અહી રોડ પર હિંસક પ્રાણીઓનો પણ સામનો કરવો પડે છે. તેમ છતાં હજુ સુધી કોઈ દર્શનાર્થીને ઈજા કે નુકસાન થવા પામ્યું નથી, જેને ભક્તો પાતાળેશ્વર મહાદેવની કૃપા માને છે. તેથી શિવભક્તો આખું વર્ષ આ મંદિર ખુલ્લે તેની રાહ જોતા હોય છે.

ત્રીજું પાતાળેશ્વર મહાદેવનું મંદિર, ફતેપુરાના ભોજેલામાં સેંકડો વર્ષ જુની ત્રણ વાવ અને શિવમંદિર આવેલ છે. ફતેપુરા તાલુકાના ભોજેલામાં સેંકડો વર્ષ જૂનું અતિ પૌરાણિક પાતાળેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. જેની નજીકમાં વાવ પણ છે. અહીં મોટું તળાવ હતું અને તે માતાજીના પ્રકોપથી ફાટી જતાં મંદિર સહિતનો વિસ્તાર ખેદાનમેદાન થઈ ગયો હતો. પરંતુ હાલમાં પણ વાવ તથા મંદિર સહિત ખંડિત મૂર્તિઓ મોજૂદ છે. ફતેપુરા તાલુકામાં ભોજેલા ગામ આવેલું છે. આ ગામમાં વર્ષો પહેલાં મોટું વિશાળ તળાવ હતું. આ વિસ્તારમાં રાજસ્થાનમાંથી માછી સમાજના લોકોએ અહીં આવીને વસવાટ કર્યો હતો. તેઓ માછીમારી કરી, પોતાનું ગુજરાન ચલાવતા હતા. આ તળાવની નજીકમાં જ વર્ષો જૂની વાવ અને પાતાળેશ્વર મહાદેવનું મંદિર હતું, અને તેની પૂજા અર્ચના માછી સમાજના લોકો કરતાં હતા. લોકવાયકા મુજબ આ વિસ્તારમાં મુસલમાન રાજાનું રાજ ચાલતુ હતું. લોકોને તેના શાસનથી સંતોષ પણ હતો, પરંતુ રાજાના મનમાં એક માછી જાતિની કન્યા વસી જતાં, તેણે તેની સાથે લગ્ન કરવાની જીદ પકડતાં સમાજ, અને રાજા વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમાં માછી સમાજની કુળદેવી ચામુંડા માતાએ પ્રકોપ વેરવાથી તળાવ ફાટતાં આ વિસ્તાર ખેદાન મેદાન થઈ ગયો હતો, અને રાજાનો પણ નાશ થયો હતો. સમય જતાં આ વાવમાંથી રાત્રીના સમયે માતાજીનાં સ્વરમાં માછી સમાજના ગામમાં અદ્ભુત પડઘાં સંભળાતા હતા. જેથી આ વિસ્તારના લોકોએ ભેગા મળી માછી સમાજની ભાળ મેળવી, તેમને પરત અહી લાવ્યા હતા. તેઓએ માતાજીને રીઝવવા તેમની આરાધના કરી, મોટો યજ્ઞ કર્યો હતો. જેથી માછી સમાજના ભક્તને આ વાવમાં મૂર્તિ હોવાનું સ્વપ્ન આવ્યું હતું. જેથી સમાજના લોકોએ દીવાની જયોત પ્રગટાવી તે સ્વરૂપે માતાજીને અહીથી લઈ જઈ ડીયાપરૂણ ગામે સ્થાપના કરી હતી. બાવન ગામ માછી સમાજ દ્વારા ચામુંડા માતાજીનું ભવ્ય મંદિર અહીં બનાવાયું છે. દર ચૈત્રી આઠમે અહીં હવન કરાય છે, તેમજ મોટો મેળો ભરાય છે, જ્યાં આ પાતાળેશ્વર મહાદેવ મંદિરમાં વાવમાંથી સીધું પાણી શિવલિંગ પર આવતું હતું. હાલમાં પણ અહીં ખોબા આકારના પથ્થર મોજૂદ છે, તેમજ અહીં માતાજી, હનુમાનજી તથા અન્ય દેવીની ખંડિત મૂર્તિઓ પણ છે અને પ્રાચીન લિપિમાં કોતરણી કરેલા પથ્થરો પણ મોજૂદ છે.

ઐતિહાસીક મહત્વ ધરાવનાર શિવલિંગ કે શિવાલય હોય! કે પછી ન પણ હોય! પણ લોક હદયમાં ભગવાન શંકર પ્રત્યેની આરાધનામાં કોઈ ફેર પડતો નથી, કારણકે યુગોયગોથી જીવ શિવને ભજતો આવ્યો છે, અને પોતાની સમસ્યા ભગવાન ભોળાનાથના શરણે મુકી નિશ્ચિત થતો આવ્યો છીએ, પરંતુ માનવ જેમ જેમ સ્વ દેહ માટે કે સ્વ પરિવાર માટે સ્વાર્થ ને સાધન બનાવવા લાગ્યો છે તેમ તેમ એ પૂજા પાઠ વગેરે તો કરે છે પણ એનો હેતુ બદલાઈ ગયો છે એટલે આપણી ભક્તિ ની તીવ્રતા ઘટતી જાય છે. એટલે કે એની માનવતા છેક પાતાળે ચાલી જાય છે! અને એટલે પાતાળેશ્વર સ્વરૂપ ની આરાધના કરી એને પ્રસન્ન કરવો પડશે! આમ પણ ભગવાન ભોળાનાથ તો ભોળો છે, અને એકવાર શુદ્ધ હદયથી એની શરણાગતિ સ્વીકારી એ તો એ મનમાં કોઈ દુર્ભાવ રાખ્યા વગર આપણી મદદ કરશે, એ પણ એટલું જ સાચું છે.તો આજે આપણે પણ આપણી આ કાળ રુપી સમસ્યા ભગવાન ભોળાનાથના શરણે મૂકી નિશ્ચિત થઈએ. તો બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર મહાદેવ, હર હર મહાદેવ.

## શ્રાવણ માસના શિવ મહિમા -૨૯

# શિવપુત્ર વિઘ્નહર્તા દેવ ગજાનન ગણપતિનો મહિમા



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા

મેઘરાજા ભારે રિસાયા આખા બે મહીના કોરોધકોર પસાર થઈ ગયા આ વર્ષે ધરતીપુત્રો પશુપાલકો અને શિવ ભક્તોએ બહુ ધીરજ પૂર્વક ભક્તિભાવ પૂર્વક પુરો કર્યો. આજે શ્રાવણ માસનો છેલ્લો મહિમા શિવ પુત્ર વિઘ્ન વિનાયક ગજાનન ગણપતિ દાદાનો મહિમા વર્ણવી પુરો કરીએ. આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત તરણેતર મેળો અને બોલ માડી અંબે જય જય અંબેના ગગનભદી નાદ સાથે મા અંબેનો ભાદરવી પૂનમનો પદયાત્રી મેળો સાથે હિંદવાપીર રામદેવ પીર નું મહાત્મય દર્શાવતો મેળો અનોખો રહેશે. કેવડા ત્રીજ, ઋષિ પાંચમનું મહત્વ સાથે પર્યુષણ મહાપર્વની ઉજવણી સવંત્સરી સાથે સંપન્ન થશે. તો ગણપતિ ઉત્સવ હવે તો ગુજરાતના મહોલ્લા સોસાયટીઓમાં રંગેચંગે ઉજવાય છે. તો આવો જાણીએ ગણપતિ દાદાનો મહિમા.

એક દિવસ પાર્વતીજીની સખીઓ એ વાતચીતમાં કહ્યું પ્રભુ શિવજીના બધા ગણો શિવજીની આજ્ઞા માં રહેનારા છે આપણો કહી શકાય તેવો ગણ ઉત્પન્ન કરવો જોઈએ.'' પાર્વતીને સખી ઓની સલાહ ફાયદાકારક લાગી. સદા શિવ પુનઃતપ કરવા ગયા ત્યારે પાર્વતીએ એક આજ્ઞાંકિત સેવક ઉત્પન્ન કરવાનો વિચાર કરતાં પોતાના દેહમાંથી ઊતરેલા મેલ માંથી એક પુરુષની આકૃતિ સર્જી. તેમાં પ્રાણ સીંચ્યો.તેમણે પુત્રને સુંદર વસ્ત્રો પહેરાવી, ગણપતિ નામ આપી.તેને દ્વારપાળ બનાવ્યો પાર્વતીએ તેને હાથમાં દંડ આપી પોતાના આવાસમાં કોઈ પ્રવેશે નહિ એવી સૂચના આપીને દ્વાર આગળ ચોકી કરવા કહ્યું. નિત્ય ક્રમ મુજબ દેવી પાર્વતી સ્નાન માટે નિવાસની અંદર ગયાં, ત્યારે તપ કરીને પાછા ફરેલા શંકરે ગૃહપ્રવેશ કરવા જતાં ગણેશે તેમને અટકાવ્યા અને કહ્યું ''હમણાં માતાજી સ્નાન કરવા બેઠાં છે, માટે હે દેવ તમે પાછા જાવ.' શિવજીએ તેની વાત ગણકારી નહિ અને તેઓ આગળ વધ્યા,કે ગણેશજીએ રીતસરની લાકડી ઉગામી દીધી. શિવજીને ચક્કર આવતાં તેઓ કાળમીઢ થઈ ગયા. ગણેશ અને શિવજીનો કોલાહલ સાંભળી શિવજીના ગણો ત્યાં આવી પહોંચ્યા તેમણે ગણેશને ઘણા સમજાવ્યા,પણ તેઓ અડગ રહ્યા.છેવટે શિવજીની આજ્ઞા થતાં ગણો ગણેશને મારવા દોડ્યા. ગણેશજીએ મોટી ભૂંગળ વડે બધાને ઘાયલ કર્યા. તે ટાણે બ્રહ્મા અને વિષ્ણુ સહિત ઘણા દેવો આવી પહોંચ્યા. ગણેશ ક્રોધે ભરાઈ બ્રહ્માજીના દાઢી- મૂછ ખેંચતા બ્રહ્માજી જતા રહ્યા. અન્ય દેવો ગણેશજી સમક્ષ યુદ્ધે ચડ્યા. જગદંબાએ યુદ્ધની વાત સાંભળી ક્રોધે ભરાઈ પોતાના ગણને મદદ માટે બે શક્તિઓ પેદા કરી મોકલી દેવો શસ્ત્રો ફેંકી હુમલો કરતા પણ બે દૈવી શક્તિઓ તે શસ્ત્રો પોતાના મુખમાં હોમી દેતી. અન્ય દેવોની વાત સાંભળી શિવજી યુદ્ધ માટે તૈયાર થયા અને ત્રિશૂળથી લડવા



આવતા, ગણેશ જીએ પોતાની ભૂંગળ વડે ત્રિશૂળ નીચે પાડી નાખ્યું. શિવજીએ તેની શક્તિ જોઈ વિચાર્યુ કે 'આને પ્રપંચ વિના મારી શકાશે નહિ.' છેવટે વિષ્ણુને તેમણે યુદ્ધ માટે મોકલ્યા. વિષ્ણુ અને ગણેશ વચ્ચે ઘણો સમય યુદ્ધ ચાલ્યું.તે દરમિયાન શિવજીએ લાગ જોઈ ગણેશનું મસ્તક ઉડાવી દીધું. પાર્વતીને આ વાતની જાણ થતાં ખૂબ જ ક્રોધે ભરાઈ અસંખ્ય શક્તિઓ ઉત્પન્ન કરી, અને તે સઘળી શક્તિઓને પાર્વતીજીએ કહ્યું : ''તમે મારી આજ્ઞાથી પ્રલય કરતા હો તેમ સર્વ દેવો, ઋષિઓ, યક્ષો, રાક્ષસો, ગણોને તેમજ પારકા અને પોતાના જે હોય તેને ગળી જાવ.'' માતાની આજ્ઞા થતાં જ સઘળી શક્તિઓ કાળઝાળ બની દોડી ગઈ. બ્રહ્મા, વિષ્ણુ તથા સર્વ દેવોએ આ હત્યાકાંડ થતો અટકાવવા પાર્વતીજીને પ્રસન્ન કરવાનું વિચાર્યુ. દેવોએ ઋષિઓ તથા નારદજીને આ માટે પાર્વતી જી સમક્ષ મોકલ્યા.તેમણે માતાજી ની વારંવાર સ્તુતિ કરી અને શાંત થવા કહ્યું. દેવર્ષિઓની સ્તુતિથી માતાજી શાંત થયાં અને તેમણે કહ્યું:''મારો પુત્ર ફરી જીવિત થાય તો જ સંહાર અટકે, તેમજ આ મારો દીકરો સર્વ દેવોનો અધ્યક્ષ બનીને પૂજવાલાયક શુભ મંગળ બને તો જ ત્રણે લોકમાં શાંતિ થશે.'' દેવર્ષિઓએ દેવો પાસે આવી સઘળી વાત કરી. શિવજીએ દેવીની બધી વાતો માન્ય રાખી. પછી તેમણે ગણોને આજ્ઞા કરતાં, શિવગણો માર્ગમાં સર્વપ્રથમ મળેલા હાથીનું મસ્તક લાવી ગણેશજીના ધડ પર જોડી દીધું. પછી શિવજીએ વેદમંત્રોના ઘોષ સાથે મંત્રેલું પાણી ગણેશજી ના શરીર પર છાંટ્યું,તેથી તે આળસ મરડીને ઊભા થયા. પુત્રને જીવતો થયેલો જોઈ પાર્વતીએ તેને હાથમાં ઊંચકી લઈ ભેટી પડ્યા. પછી તેને આશીર્વાદ આપતાં કહ્યું ''હે પુત્ર ! તારા મુખ પર સિંદૂર દેખાતાં તું સિંદૂર વડે પૂજાઈશ,જે કોઈ પુષ્પો,ચંદન, તારી પૂજા કરશે;તેને સર્વ સિદ્ધિ મળશે.'' પછી ગણેશજીએ શિવને પ્રણામ કર્યા અને તેમની માફી માગી. શિવજીએ તેમને આશીર્વાદ આપી પોતાના બીજા પુત્ર તરીકે સ્વીકાર્યો.ગણેશજીએ બ્રહ્મા, વિષ્ણુ અને નારદની ક્ષમા માગી. સઘળાએ તેમને આશીર્વાદ આપ્યા અને કહ્યું:''અમે ત્રણે દેવો જગતમાં જેવા પૂજ્ય છીએ તેવા જ પૂજ્ય ગણેશ પણ થાઓ. સર્વ વિઘ્નોને હરનારા ગણેશની અગ્ર પૂજા કર્યા બાદ જ અમારી પૂજા થશે.'' આમ કહી ત્રિદેવોએ તેમને સર્વ ગણોના અધ્યક્ષ તરીકે જાહેર કર્યા. પછી શિવજીએ કહ્યું : ''હે ગણપતિ ! તમે ભાદ્રમાસની કૃષ્ણ પક્ષની ચોથને દિવસે ચંદ્રોદય સમયે પાર્વતીના ચિત્તથી પ્રકટ થયા છો, તેથી તે દિવસે અને તે સમયે તમારી વિધિ પૂર્વક પૂજા કરી, તમારું વ્રત કરનારની સર્વ મનોકામના પૂર્ણ થશે.આમ ગણેશ જીની અધ્યક્ષ પદે પ્રતિષ્ઠા થતાં સર્વત્ર ઉત્સવ થઈ રહ્યો. આકાશ માંથી પુષ્પવૃષ્ટિ થઈ રહી. સર્વ જગતમાં શાંતિ જેવું થઈને રહ્યું. શિવજી અને પાર્વતી પ્રસન્ન થયાં.

સર્વ દેવોને મુનિઓ વગેરે તે પછી પોતપોતા ના સ્થાન ગયા. એક દિવસ શિવ-પાર્વતીને વિચાર આવ્યો કે 'પુત્રો હવે લગ્નને યોગ્ય થઈ ગયા છે, તેથી તેમનો વિવાહ કરવો જોઈએ 'શિવજીએ બંને પુત્રો સમક્ષ એવી શરત મૂકીઃ ''તમારામાંથી જે પૃથ્વીની પ્રદક્ષિણા કરી પહેલો આવે તેનો શુભ વિવાહ પ્રથમ કરવો.' આ સાંભળી કાર્તિકેય તો પૃથ્વીની પ્રદક્ષિણા કરવા માટે નીકળી પડ્યા જ્યારે ગણેશજી તો એમને એમ ઊભા રહી કંઈક વિચારવા લાગ્યા પછી તેઓ સ્નાન કરી માતા-પિતા પાસે આવ્યા અને તેમણે આસન પર બેસવા કહ્યું.શિવ-પાર્વતી આસન પર બિરાજ્યાં કે ગણેશ જીએ તેમની વિધિવત્ પૂજા કરી. તે પછી સાત વાર પ્રદક્ષિણા કરી, વારંવાર પ્રણામ કરતા ગયા. પછી માતા- પિતાને વિવાહ માટે પ્રાર્થના કરી. ત્યારે માતા-પિતા હસ્યાં અને બોલ્યાં:''તું લગ્ન માટેની શરત ભૂલી ગયો કે શું ? શું તારા ભાઈની જેમ પૃથ્વીની પ્રદક્ષિણા કરવા ક્યારે ગયો ? તું તો ગયો જ નથી.'' ગણેશે હસીને કહ્યું : ''વેદો અને શાસ્ત્રોમાં કહ્યું છે કે 'જે કોઈ પ્રસન્નતા- પૂર્વક માતા-પિતાનું પૂજન કરીને તેમની પ્રદક્ષિણા કરે છે. તેને પૃથ્વીની પ્રદક્ષિણા કર્યાનું ફળ પ્રાપ્ત થશે. જે માતા-પિતાને ઘરમાં છોડીને તીર્થયાત્રા કરવા જાય છે, તે ઘણું ગુમાવે છે.' આપ બંને ધર્મરૂપ છો, માટે આપ સારી રીતે વિચારી મને તમારો નિર્ણય કહો.''ગણેશજીનું બુદ્ધિપૂર્વકનું જ્ઞાન ભરેલું વચન સાંભળી શિવ- પાર્વતી ખુશ થયાં.તેમણે દીકરાને કહ્યું : ''તેં સાચું કહ્યું છે. વેદમાં બાળકને માટે ધર્મ પાલનનો જે મહિમા દર્શાવ્યો છે, તેનું તે પાલન કર્યું હોવાથી અમે તારો વિવાહ પ્રથમ કરીશું.'વિશ્વરૂપ પ્રજાપતિની બે રૂપાળી દીકરીઓ રિદ્ધિ અને સિદ્ધિ સાથે ગણેશનો વિવાહ કર્યો ગણેશનાં લગ્ન થયાં. તેમને એકને બદલે બે કન્યાઓ પરણી. ગણેશ જી બંને પત્ની સાથે આનંદથી દિવસો વિતાવવા લાગ્યા. સમય જતાં સિદ્ધિથી શ્રેય અને બુદ્ધિથી લાભ નામે પુત્રો થયા.

વાચક ચાહક મિત્રો આપ સૌના ઉમદા સાથ સહકારથી શ્રાવણ માસમાં શિવ મહિમા થકી દેવાધિ દેવ મહાદેવના ગુણગાન કલમ કાગળના સહારે સારી રીતે વ્યક્ત કરી શક્યો.આજે શ્રાવણ માસનો છેલ્લો દિવસ સદા શિવ ભોળા નાથ શંભુ દેવાધિ દેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

## ખરેખર દવા જેવું કામ કરે છે આ પાણી



ચાલો તમને હળદરના પાણીની ડ્રિંક બનાવવા અને તેના ફાયદા વિશે જણાવીએ. હળદરના પાણીમાં એન્ટી ઈન્ફ્લેમેટરી અને એન્ટી-ઓક્સીડેન્ટ ગુણ હોય છે જે ઈમ્યુનિટી માટે ખૂબ સારા છે. હળદરના આ ગુણો ખાંસી, શરદી અને ગળાના દુખાવામાં પણ રાહત આપે છે. રસોડામાં રાખવામાં આવેલ મસાલા ભોજનનો સ્વાદ તો સુધારે છે પણ તેની સાથે સ્વાસ્થ્ય પણ સુધારે છે. રસોડામાં રહેલી હળદર ઔષધીય ગુણોથી પણ ભરપૂર છે. તેમાં મિનરલ્સ, વિટામિન છ અને કાર્બોહાઈડ્રેટ્સ હોય છે. હળદરનો ઉપયોગ અનેક રોગોમાં ફાયદાકારક છે. હળદરનું પાણી પણ સ્વાસ્થ્ય માટે ખૂબ સારું છે. સવારે ખાલી પેટ હળદરનું પાણી પીવાથી અદ્ભુત સ્વાસ્થ્ય લાભ થાય છે. ચાલો તમને હળદરના પાણીની ડ્રિંક બનાવવા અને તેના ફાયદા વિશે જણાવીએ. રોજ સવારે ખાલી પેટ પાણી અથવા લીંબુ પાણી પીવાના ફાયદા તો તમે કદાચ જાણતા જ હશો, પણ શું તમે જાણો છો કે તે પાણી અથવા તો લીંબુ પાણીમાં થોડી હળદર નાખીને પીવાના પણ ઘણાં ફાયદા છે. જાણો, શું કહે છે એક્સપર્ટ્સપ ઈમ્યુનિટી માટેઃ હળદરના પાણીમાં એન્ટી ઈન્ફ્લેમેટરી અને એન્ટી-ઓક્સીડેન્ટ ગુણ હોય છે જે ઈમ્યુનિટી માટે ખૂબ સારા છે. હળદરના આ ગુણો ખાંસી, શરદી અને ગળાના દુખાવામાં પણ રાહત આપે છે. રોજ સવારે હળદરનું પાણી પીવાથી ઈમ્યુનીટી વધે છે. હળદર સ્કીન માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. સ્કીન પર હળદર લગાવવાથી ઘણા ફાયદા થાય છે. સ્કીન પ્રોબ્લેમ્સ દૂર કરવામાં પણ હળદરનું પાણી ફાયદાકારક છે. સવારે ખાલી પેટ હળદરનું પાણી પીવાથી સ્કિન પર સોજા અને બળતરાની સમસ્યામાં રાહત મળે છે. રોજ હળદરનું પાણી પીવાથી તમે શુગર લેવલને કંટ્રોલમાં રાખી શકો છો. સુગરના દર્દીઓ માટે હળદરનું પાણી રામબાણ ગણાય છે. તે ડાયાબિટીસને કંટ્રોલમાં રાખે છે અને ટાઈપ ૨ ડાયાબિટીસના જોખમથી બચાવે છે. કોલેસ્ટ્રોલ કંટ્રોલઃ કોલેસ્ટ્રોલને કંટ્રોલ કરવામાં પણ હળદરનું પાણી ફાયદાકારક છે. આ માટે હૂંફાળા પાણીમાં બે ચપટી હળદર અને લીંબુના રસના થોડા ટીપ મિક્સ કરો. આ શરીરને ડિટોક્સ કરે છે અને કોલેસ્ટ્રોલને કંટ્રોલમાં રાખે છે. વજન ઘટાડવા માટેઃ એક હળદરની ગાંઠને બે કપ પાણીમાં ઉકાળો અને પાણી અડધું થઈ જાય ત્યાં સુધી ઉકાળો. જ્યારે થોડું પાણી રહી જાય તો તેને ગાળી લો. આ પછી તેમાં થોડું મધ મિક્સ કરીને પીવાથી વજન ઓછું થાય છે.

## તાવથી ધગધગતું હોય શરીર તો તરત કરવું આ કામ, ઝડપથી ઉતરશે તાવ

જ્યારે તાવની વાત કરીએ તો એ જાણવું પણ જરૂરી બની જાય છે કે આપણા શરીરનું સામાન્ય તાપમાન કેટલું છે? અને ક્યારે આપણને તાવ આવ્યો છે એવું કહી શકાય? તાવ એવી સમસ્યા છે કે શિયાળો, ઉનાળો કે ચોમાસુ કોઈપણ ઋતુમાં થઈ શકે છે. સામાન્ય રીતે જ્યારે વાતાવરણમાં અચાનક ફેરફાર થાય છે ત્યારે તાવ આવી જાય છે. જો તાવ એક દિવસ કરતાં વધારે રહે અથવા તો ચઢ ઉતર કરે તો તુરંત ડોક્ટર પાસે જવું અને જરૂરી ટેસ્ટ કરવા. જો કે દર વખતે તાવ ગંભીર સમસ્યાના કારણે નથી હોતો. તેથી તમે કેટલાક ઘરગથ્થુ ઉપાય કરીને તાવ મટાડી શકો છો. ઘણીવાર વાયરલ ફીવરના કારણે અચાનક શરીર તપવા લાગે છે. આવી સમસ્યા અચાનક થાય ત્યારે તમે આ ઘરગથ્થુ ઉપચાર કરી શકો છો. આ ઉપચાર કરવાથી તાવ ઉતરી જાય છે. તાવ એવી સમસ્યા છે જે વાતાવરણ બદલે ત્યારે વધારે પ્રમાણમાં જોવા મળે છે. જોકે મોટા ભાગના લોકો વાયરલ ફીવર અને સામાન્ય તાવ વચ્ચે અંતર જાણતા નથી જેના કારણે



ઘણી વખત ગંભીર સમસ્યાઓ થઈ જાય છે. જો તમને વાયરલ તાવ હોય તો ભૂખ ન લાગવી, થાક, શરીરમાં દુખાવો જેવા લક્ષણ જોવા મળે છે.

આ લક્ષણો જણાઈ તો તેને ક્યારેય સામાન્ય તાવ સમજીને તેની અવગણના કરવી નહીં કારણ કે આમ કરવું નુકસાનકારક સાબિત થઈ શકે છે. તો ચાલો તમને જણાવીએ કે વાયરલ તાવ ના લક્ષણો કયા હોય છે અને આ લક્ષણો જોવા મળે તો તુરંત શું કરવું. ચા-કોફી છોડો સવારે આ ચારમાંથી કોઈ એક વસ્તુ પીવાની પાડો ટેવ, શરીર રહેશે નિરોગી. ચોમાસામાં થતાં શરદી-ઉધરસથી ૧ જ દિવસમાં મળશે રાહત, અજમાવો આ ચારમાંથી કોઈ એક ઉપાય, તાવમાં શરીરનું તાપમાન ઘણું વધી જાય છે થી તાપમાન જાળવી રાખવા માટે વધુને વધુ પાણી પીવું જરૂરી છે. તાવમાં તમે નારિયેળ પાણી અથવા ફળનો રસ પણ પી શકો છો.

તેનાથી ડિહાઈડ્રેશનની સમસ્યા થતી નથી. મીઠાના પાણીના કોગળા માત્ર ઉધરસ કે ગળાના દુખાવામાં જ નહીં તાવમાં પણ કરી શકાય છે. તેનાથી તાવથી પણ રાહત મળે છે. તાવથી ઝડપથી રાહત મેળવવા માટે બેડ રેસ્ટ કરો. આરામ કરવાથી તાવ ઝડપથી મટી જાય છે. જો તમે શારીરિક શ્રમ વધારે કરો છો તો સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે. જો તાવ વધી જાય તો દર્દીના માથા પર ભીના પાટા મુકવા જોઈએ તેનાથી શરીરની ગરમીથી રાહત મળે છે. તાવ આવ્યો હોય તો ક્યારેય ચુસ્ત કપડા ન પહેરવા. તેનાથી શરીરની ગરમી બહાર નથી આવતી. તેથી હંમેશા ઢીલા અને આરામદાયક કપડા જ પહેરવા.

## ડિપ્રેશનથી છુટકારો મેળવવા માટેના ઉપાય



એવી બીમારી જે પુરુષો કરતાં મહિલાને વધારે થઈ રહી છે. શું તમને ખબર છે પુરૂષો ની સરખામણીએ મહિલાઓ વધુ ડિપ્રેશનનો શિકાર બને છે. તેની પાછળ ઘણા કારણો જવાબદાર હોય છે, જાણો તે કારણો અને તેનાથી બચવા શું કરવું તેના વિષે. જીવનના મુશ્કેલ સમયમાં દુઃખી થવું એ એક સામાન્ય પ્રક્રિયા છે, પણ એ સમયનો ઉકેલ પણ હોય છે. પરંતુ જ્યારે ડિપ્રેશનની વાત આવે છે, ત્યારે તે સરળતાથી દૂર થતું નથી અને આપણે નિરાશામાં ખોવાઈ જઈએ છીએ. વાસ્તવમાં, આ આપણા સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરે છે. ડિપ્રેશનને કારણે, રોજિંદા જીવન પર પણ ઘણી અસર થાય છે અને તે તમારા વિચારો, સમજણ, ખાવા અને પીવા, ઊંઘ અને કામ જેવી પ્રવૃત્તિઓને પણ અસર કરવા લાગે છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ અનુસાર, પુરુષો કરતા સ્ત્રીઓમાં ડિપ્રેશનના લક્ષણો વધુ જોવા મળે છે. આનું કારણ હોર્મોનલ ફેરફારો, સામાજિક પરિબળો અને કેટલાક જૈવિક કારણો હોઈ શકે છે. ડિપ્રેસનને દૂર કરવા તમે તમારો દૈનિક ધ્યેય નક્કી કરો અને તેનો ઉલ્લેખ તમારી ડાયરીમાં કરો. દરરોજ એક નવો ધ્યેય બનાવો અને તેને હાંસલ કરવાના તમામ પ્રયાસો કરો. જેનાથી તમારું ડિપ્રેશન દૂર થશે. તમારા જીવનમાં જે કાંઈ પણ થાય અથવા તમને આવતા વિચારોને ડાયરીમાં લખવાનું રાખો. તમે તમારી જાતને પડકાર આપો અને તમારી અંદરના અવાજને સાંભળવાનું શરુ કરો. જે કામ તમારા માટે અઘરું છે તેને પહેલા કરો. દરરોજ પોતાને નવી ચેલેંજ આપો પોતાને બીજાથી નીચા સમજવાની ભૂલ ન કરો. પોતાને પણ શાબાશી આપવાનું શરુ કરો. જો ડિપ્રેશનના લક્ષણો તમારી દિનચર્યાને અસર કરી રહ્યા છે, તો તમારી પોતાની દિનચર્યા બનાવો અને તેનું પાલન કરો. પોતાને નવી પ્રવૃતિમાં વ્યસ્ત રાખો. આમ કરવાથી તમને નવા વિચારો આવશે અને તમે ડિપ્રેશનનો શિકાર થતા બચી જશો. આપણે ભારતીયોમાં ખાસ કરીને માનસિક સ્થિતિ વિશે ઘણી બધી ગેરસમજો છે. કોઈ પણ માનસિક સ્થિતિને આપણે ગાંડપણનું બિરુદ આપીએ છીએ, અંધશ્રદ્ધાને લીધે તે કરાવી લઈએ છીએ પણ મનોચિકિત્સક કે કાઉન્સેલર પાસે જતાં ડરીએ છીએ. સૌથી મહત્વની વાત એ છે કે, આપણે માનસિક સમસ્યાઓને રોગ નથી માનતા. ચાલો તેમને માની લઈએ.

## કોણી અને ગરદની કાળાશએ ચહેરાની સુંદરતા છીનવી લીધી હોય, તો આ ટિપ્સ અપનાવો


ટેનિંગ સારી નથી લાગતી અને અસમાન દેખાવા લાગે છે. તેનાથી બચવા માટે સનસ્કીન લગાવવું ફાયદાકારક છે. પરંતુ કેટલીકવાર આ બધા હોવા છતાં, સન ટેનિંગ થાય છે. આવી સ્થિતિમાં, તેમને દૂર કરવું સરળ કાર્ય નથી. ખાસ કરીને ગરદન પર ટેનિંગ ખૂબ જ હઠીલા અને કદરૂપું લાગે છે. જો તમારી ત્વચા પર પણ ટેનિંગ આવી ગયું છે, તો તમે તેને મધની મદદથી દૂર કરી શકો છો. આ દિવસોમાં દરેક વ્યક્તિ પોતાના ચહેરાને સુંદર બનાવવા માટે વિવિધ ઉપાયો કરે છે. છોકરો હોય કે છોકરી, આજકાલ લોકો પોતાની ત્વચા અને સુંદરતા પ્રત્યે ખૂબ જ સભાન થઈ ગયા છે. આવી સ્થિતિમાં તે પોતાની સુંદરતા જાળવી રાખવા માટે અનેક બ્યુટી પ્રોડક્ટ્સનો ઉપયોગ પણ કરે છે. સારા દેખાવાની આ ઈચ્છાને કારણે, ઘણા લોકો ઘણીવાર તેમની ગરદન, કોણી અને શરીરના અન્ય ભાગોને અવગણતા હોય છે. આવી સ્થિતિમાં, ત્યાં ત્વચા ઘણીવાર કાળી થવા લાગે છે, જેના કારણે



તમારી સુંદરતા પણ ઓછી થવા લાગે છે. જો તમે એવા લોકોમાંથી એક છો જેઓ ગરદન, કોણી સહિત શરીરના અન્ય ભાગોના કાળા થવાથી પરેશાન છો, તો આજે અમે તમને કેટલાક એવા ઉપાયો વિશે જણાવીશું, જેની મદદથી તમે મિનિટોમાં તમારી ત્વચાનો સ્વર સુધારી શકો છો. તો આવો જાણીએ. એલોવેરા ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે. એલોવેરાને લગાવવાથી ત્વચાને લગતી ઘણી સમસ્યાઓથી રાહત મળી શકે છે. ગરદન, કોણી વગેરેની કાળાશ દૂર કરવા માટે પણ એલોવેરા ખૂબ જ ફાયદાકારક છે. તેને લગાવવાથી ત્વચા ન માત્ર સ્વચ્છ રહે છે, પણ કોમળ પણ બને છે. એલોવેરાનો ઉપયોગ કરવાની રીત : ત્વચાની કાળાશ દૂર કરવા માટે એક કપ ગરમ પાણીમાં એક ચમચી એલોવેરા જેલ મિક્સ કરો. જ્યારે પાણી અને જેલ સારી રીતે ભળી જાય ત્યારે તેને રૂની મદદથી ગરદન, બગલ, કોણી વગેરે પર લગાવો. હવે તેને ૨૦ મિનિટ સુધી સૂકવવા દો અને પછી તેને ફરીથી હુંફાળા પાણીથી ધોઈ લો. ખાવાનો સ્વાદ વધારનાર ટામેટા ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે. તેમાં રહેલા પોષક તત્વો ત્વચાની ગંદકીને દૂર કરવામાં ખૂબ મદદરૂપ થાય છે. તમે આ રીતે કાળાશ દૂર કરવા માટે ટામેટાંનો ઉપયોગ કરી શકો છો. ટામેટાનો આ રીતે કરો ઉપયોગ : ટામેટાને ત્વચા પર લગાવવા માટે પહેલા તેને સારી રીતે પીસી લો. હવે આ ટામેટાની પ્યુરીને ગરદન, બગલ અને કોણીની કાળી ત્વચા પર લગાવો. આ પેસ્ટ લગાવ્યા બાદ તેને ૨૦ મિનિટ માટે આ રીતે જ રહેવા દો. બાદમાં ત્વચાને સ્વચ્છ પાણીથી ધોઈ લો.

BOLLYWOOD NEWS FLASH

**આ ટિઝરને જોઇને તમારા રૂંવાટા ઉભા થઇ જશે, જો કે આ ફિલ્મનું ટિઝર સામે આવ્યા પછી દર્શકોમાં ખૂબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે**



## અક્ષય કુમારની મિશન રાનીગંજનું ટીઝર રિલીઝ

। મુંબઈ, તા.૧૪ ।

ફિલ્મોનું ટિઝર અને ટ્રેલર ફિલ્મોને સુપરહિટ બનાવવાનું કામ કરે છે. આમ તમે જ્યારે કોઈ ટિઝર અને ટ્રેલર જુઓ છો અને તમને ગમી જાય છે તો તમને મુવી જવાનું મન ચોક્કસથી થાય છે. આ માટે ટ્રેલર અને ટિઝર દમદાર હોવુ ખૂબ જરૂરી છે. આમ વાત કરવામાં આવે તો અક્ષય કુમારની અપકમિંગ ફિલ્મ 'મિશન રાનીગંજ' નું ટિઝર રિલીઝ થઈ ગયુ છે. આ ફિલ્મનું ટિઝર રિલીઝ થતાની કલાકોમાં કરોડ વ્યૂઝ થઈ ગયા છે. 'મિશન રાનીગંજ'ના ટિઝરને ૨૪ કલાકમાં ૪ કરોડથી પણ વધારે વ્યૂઝ મળી ચુક્યા છે. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ યૂટ્યુબ અને ટ્વિટર પર પણ ઈમિશન રાનીગંજના નામથી ટ્રેન્ડ થઈ રહ્યુ છે. અક્ષય કુમારની હાલમાં રિલીઝ થયેલી ફિલ્મ 'સ્ર ૨ એ સાબિત કરી દીધુ છે કે આ ફિલ્મના માધ્યમથી ઓડિયન્સને એન્ટરટેનમેન્ટની સાથે-સાથે એક સંદેશો પણ આપવા ઈચ્છી રહ્યા છે. આપણાં દેશમાં રિયલ લાઈફ હિરોની કહાની ઓડિયન્સને હંમેશા પસંદ આવતી હોય છે. આમ, અક્ષય કુમાર એક રિયલ લાઈફ હિરો સ્વર્ગીય જસવંત સિંહ ગિલના રૂપમાં જોવા મળશે. ટિઝરમાં તમે જોઈ શકો છો કે આ કહાની સ્વર્ગીય જસવંત સિંહ ગિલની છે. ૧૯૮૯માં કોલસાની ખાણમાં થયેલા ભયાનક અકસ્માત પર આધારિત ફિલ્મ છે. આ ફિલ્મની કહાની લોકોને જરૂર પસંદ પડે એવી છે. જો કે ટિઝર જ એટલું દમદાર છે કે જે જોઈને આપણને મુવી જોવા જવાનું મન થઈ જાય. આ મિશન દુનિયા માટે સૌથી સફળ બચાવ અભિયાનોમાંથી એક છે. આ ટિઝરને જોઈને તમારા રૂંવાટા ઉભા થઈ જશે.

## શાહરૂખ શાનદાર ફિલ્મો જ નહીં દંગલને પણ પાછળ છોડવા તૈયાર

## Jawanનો નવો રેકોર્ડ

### સની દેઓલની ગદર રથી લઈને સાઉથની KGF-૨, બાહુબલી ૨ અને આમિર ખાનની દંગલનો પણ રેકોર્ડ તૂટશે

। મુંબઈ, તા.૧૪ ।

સુપરસ્ટાર શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન'એ બોક્સ ઓફિસ પર સુનામી સર્જી છે. દરરોજ આ ફિલ્મની કમાણીમાં જબરદસ્ત વધારો થઈ રહ્યો છે. 'જવાન' જે ઝડપે કલેક્શન કરી રહી છે તેના પરથી અંદાજ લગાવી શકાય છે કે તે કિંગ ખાનના કરિયરની સૌથી મોટી ફિલ્મ સાબિત થઈ શકે છે. હવે છઠ્ઠા દિવસે આ ફિલ્મ દક્ષિણ ભારતની ઘણી સારી ફિલ્મોને પછાડીને નવો રેકોર્ડ બનાવવા જઈ રહી છે. શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન'ના કલેક્શનના લેટેસ્ટ આંકડા સામે આવ્યા છે. ફિલ્મ ટ્રેડ એનાલિસ્ટ



તરણ આદર્શે પોતાના ઈન્સ્ટા હેન્ડલ પર ફિલ્મની કમાણી વિશે નવી માહિતી શેર કરી છે. એક પોસ્ટ કરતી વખતે તેણે કહ્યું કે શાહરૂખ ખાનની 'જવાન'એ ભારતમાં અત્યાર સુધીમાં ૨૮૨ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે અને આજે એટલે કે છઠ્ઠા દિવસે આ ફિલ્મ ૩૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરશે. જવાન ૧૨ સપ્ટેમ્બરે રૂ. ૩૦૦ કરોડના ક્લબમાં પ્રવેશ કરનારી ફિલ્મોની યાદીમાં પ્રથમ ક્રમે સ્થાન મેળવશે કારણ કે અત્યાર સુધી કોઈ ફિલ્મ માત્ર ૬ દિવસમાં આ કારનામું કરી શકી નથી. આ લિસ્ટમાં સાઉથની ફિલ્મો સહિત અન્ય ઘણી હિન્દી ફિલ્મો છે, જેને ૩૦૦ કરોડની કમાણી કરવામાં ૬ દિવસથી વધુ સમય લાગ્યો છે. તમને જણાવી દઈએ કે શાહરુખ ખાને 'જવાન'માં પોતાના દમદાર એક્શનથી ચાહકોનું દિલ જીતી લીધું છે. તેણે ફિલ્મમાં ડબલ રોલ કર્યો છે અને તેની સ્ટોરી પણ લોકોને પસંદ આવી છે. ૭ સપ્ટેમ્બરે ફિલ્મ 'જવાન'નું બોક્સ ઓફિસ કલેક્શન ૬૫.૫૦ કરોડ રૂપિયા સાથે ખુલ્યું હતું. અત્યાર સુધી કોઈ હિન્દી ફિલ્મ આટલી મોટી ઓપનિંગ કરી શકી નથી. તેની પાછલી ફિલ્મ 'પઠાણ' એ પહેલા દિવસે ૫૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. આ ફિલ્મમાં શાહરૂખ ખાન ઉપરાંત નયનથારા, વિજય સેતુપતિ, સાન્યા મલ્હોત્રા અને સુનીલ ગ્રોવર જેવા સ્ટાર્સે કામ કર્યું છે. જવાનનું દિગ્દર્શન દક્ષિણ સિનેમાના પ્રખ્યાત નિર્દેશક એટલી દ્વારા કરવામાં આવ્યું છે.

**બોલિવૂડ એક એવી જગ્યા છે, જ્યાં શાહરૂખ ખાન અને સની દેઓલ જેવા ટોચના સ્ટાર્સે પણ ફ્લોપ ફિલ્મો આપી છે**

## એ.આર.રહેમાન પાસે ફી ભરવા માટેના પણ પૈસા પણ નહોતા

। મુંબઈ, તા.૧૪ ।

આ વાર્તા છે, સંગીતકાર એ.આર.રહેમાનની. આજે એ.આર. રહેમાન પોતાના સંગીતથી માત્ર દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ પ્રખ્યાત થઈ ગયા છે. પરંતુ અહીં સુધી પહોંચવા માટે તેને ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. તમને જણાવી દઈએ કે, તેનો જન્મ ૬ જાન્યુઆરી ૧૯૬૭ના રોજ તમિલનાડુના ચેન્નાઈમાં થયો હતો. તેમનું મૂળ નામ એએસ દિલીપ કુમાર છે. તેમના પિતા પણ સંગીતકાર હતા અને મલયાલમ ફિલ્મ ઉદ્યોગ માટે સંગીત આપતા હતા. એઆર રહેમાને ૪ વર્ષની ઉંમરે પિયાનો શીખવાનું શરૂ કર્યું હતું. સંગીતમાં તેમનો રસ વધ્યો અને નાનપણથી જ તેમણે તેમના પિતાને મદદ કરવાનું શરૂ કર્યું. જોકે, જ્યારે તે ૯ વર્ષનો હતો, ત્યારે તેના પિતાનું અવસાન અજાણ્યા રોગથી થયું હતું. તેમના પિતાના આકસ્મિક અવસાનને



કારણે, તેમના પરિવારને આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો, તેથી તેમના પરિવારને ટેકો આપવા માટે, તેમણે ૧૧ વર્ષની ઉંમરે વ્યવસાયિક રીતે પિયાનો વગાડવાનું શરૂ કર્યું. આ કારણે તેણે પોતાની શાળા પણ છોડી દેવી પડી હતી. જોકે, પછીથી તેઓ મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ સ્કૂલમાં અભ્યાસ કરવા ગયા.

## ૬ ક્રાઈમ સિરીઝ સાચી ઘટનાઓ પર આધારિત છે

। મુંબઈ, તા.૧૪ ।

આ ૬ વેબ સિરીઝમાં ભયાનક ગુનેગારોની સફર અને તેમનો અંત બતાવવામાં આવ્યો છે. સિરીઝ વાસ્તવિક જીવનની ઘટનાઓને એવી રીતે બતાવવામાં આવી છે કે તે તમારી આંખો સમક્ષ વાસ્તવિક લાગશે. જો તમે હજી સુધી આ સિરીઝ જોઈ નથી, તો તમે ચોક્કસપણે કંઈક મિસ કરી રહ્યાં છો. તમે આ સિરીઝ વિવિધ OTT પ્લેટફોર્મ પર જોઈ શકો છો. અવિનાશ તિવારી અને કરણ ટેકર અભિનીત, આ સિરીઝ એક શિષ્ટ માણસ ચંદન મહતોના વિલન બનવાની વાર્તા બતાવે છે. તે બતાવે છે કે કેવી રીતે ચંદન મહતો એક નાનકડા ગામમાંથી એક મોટો ગેંગસ્ટર બની જાય છે. તમે Nªflix પર આ શ્રેણી જોઈ શકો છો. આ સિરીઝની વાર્તા એક એવા ગુનેગારની વાર્તા છે જે લોકોને મારીને પોલીસ સ્ટેશનની બહાર છોડી દેતો હતો. તો પછી તે આરોપી સામે પોલીસ શું પ્લાન બનાવે છે? તે આ સિરીઝમાં બતાવવામાં આવ્યું છે. તે Nªflix પર ઉપલબ્ધ છે. આ સિરીઝની વાર્તા એક એવા ગુનેગારની વાર્તા છે જે લોકોને મારીને પોલીસ સ્ટેશનની બહાર છોડી દેતો હતો. તો પછી તે આરોપી સામે પોલીસ શું પ્લાન બનાવે છે? તે આ સિરીઝમાં બતાવવામાં આવ્યું છે. તે Nªflix પર ઉપલબ્ધ છે. આ પણ એક સત્ય ઘટના પર આધારિત ક્રાઈમ સિરીઝ છે. તે દર્શાવે છે કે કેવી રીતે ઓટો ડ્રાઈવર લોકોની હત્યા કરે છે. ગુનેગારને પકડવા માટે પોલીસ વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. સિરીઝમાં ઘણા ટ્વિસ્ટ અને ટર્ન્સ જોવા મળે છે. તે ઢીપ પર ઉપલબ્ધ છે. સસ્પેન્સ અને ગુનાથી ભરેલી આ સિરીઝ પણ એક સત્ય ઘટના પર આધારિત છે. સિરીઝ બતાવે છે કે કેવી રીતે પોલીસ એક રિપોર્ટરની મદદથી ગુનેગારને પકડે છે.

**ડેવિડ ધવન આ ફિલ્મમાં સની દેઓલ સાથે અનિલ કપૂર અને એક્ટ્રેસ ઝેબા બખ્તિયાર સાથે કામ કરવા માગતા હતા**

## સનીએ દીવાના મસ્તાના ઠુકરાવી અને લાગી ગઇ ગોવિંદાની લોટરી

। મુંબઈ, તા.૧૪ ।

આજથી ૨૬ વર્ષ પહેલા એટલે કે ૧૯૯૭માં એક ફિલ્મ રિલીઝ થઈ હતી જેને સની દેઓલે રિજેક્ટ કરી હતી. સનીએ આ ફિલ્મ રિજેક્ટ કર્યા બાદ ગોવિંદાએ તેમાં લીડ રોલ કર્યો હતો. આ ફિલ્મ તે વર્ષની ટોપ ૧૦ સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મોમાં પણ સામેલ હતી. આ ફિલ્મ ડેવિડ ધવને ડિરેક્ટ કરી હતી. ડેવિડ ધવન આ ફિલ્મમાં સની દેઓલ સાથે અનિલ કપૂર અને એક્ટ્રેસ ઝેબા બખ્તિયાર સાથે કામ કરવા માગતા હતા. આ એક એક્શન ફિલ્મ હતી. ફિલ્મનુંનામ 'બોડીગાર્ડ' રાખવામાં આવ્યું હતું. ફિલ્મનું શૂટિંગ શરૂ થાય તે પહેલા જ ઝેબાએ અંગત કારણોસર ફિલ્મ છોડી દીધી હતી. ડેવિડે ફિલ્મની સ્ક્રિપ્ટમાં થોડો ફેરફાર કર્યો અને



સનીને કોમેડી ફિલ્મ બનાવવા માટે રાજી કર્યો. પરંતુ ડેવિડ ધવનના આ પ્લાનિંગથી સની દેઓલ સંતુષ્ટ નહોતો અને પછી તેણે આ ફિલ્મ પણ છોડી દીધી હતી. તે સમયે સનીની ઈમેજ એક્શન હીરોની હતી. હવે આ ફિલ્મમાં માત્ર અનિલ કપૂર જ બાકી હતો. ડેવિડ ધવને ગોવિંદા અને જુહી ચાવલાને કોમિક રોલ ઓફર કર્યો અને બંને આ ફિલ્મ કરવા માટે તૈયાર થયા.

### ઝાલોદ તાલુકા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાયો

# ભાજપના મેન્ડેટમાં આવેલ પ્રમુખ ઉપપ્રમુખમાં અન્ય દાવેદાર ન આવતા બન્ને ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા

### મામલતદાર ઝાલાની અધ્યક્ષતા હેઠળ પ્રમુખ ઉપપ્રમુખના નામ જાહેર કરાયા



**। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૪ ।**

ઝાલોદ તાલુકા પંચાયતની ચૂંટણી અગાઉ અંડરગ્રાઉંડ થયેલ સભ્યો સાથે તાલમેલ કરી ભાજપ દ્વારા ડેમેજ કંટ્રોલ સાધવામાં આવેલ હતું. ભાજપ પાર્ટી દ્વારા તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખને આપવામાં આવેલ મેન્ડેટ વિરુદ્ધ અન્ય કોઈ દાવેદારી ન આવતા ઝાલોદ મામલતદાર ઝાલા દ્વારા પ્રમુખ ઉપપ્રમુખના નામને મંજુરી આપી હતી. તાલુકા પંચાયત ખાતે હોલમાં સહુ સભ્યો સાથે મામલતદાર ઝાલાની અધ્યક્ષતા હેઠળ ઉપસ્થિત રહેલ હતા. મામલતદાર ઝાલા દ્વારા પ્રમુખ તરીકે સુમિત્રાબેન સવસીંગ વસૈયા અને ઉપપ્રમુખ તરીકે નિષાબેન રામુભાઇ નિનામા નું નામ જાહેર કરવામાં આવેલ હતું. ઝાલોદ તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી બિનહરીફ જાહેર થવાની હોઈ બંને દાવેદારોના સમર્થકો તાલુકા પંચાયતની બહાર ઉમટી પડેલ હતા. સહુ સમર્થકો ડીજે અને ઢોલ કુંડીના તાલે નાચતા ઝૂમતા જોવા મળતા હતા. પ્રમુખ ઉપપ્રમુખના નામ જાહેર



થતાં ઉપસ્થિત સહુ સમર્થકો દ્વારા મીઠાઈ ખવડાવી સહુનું મોઢું મીઠું કરાવતા જોવા મળતા હતા. સહુ સમર્થકો દ્વારા પ્રમુખ ઉપપ્રમુખને ફૂલમાળા પહેરાવવા હોડ લાગેલ હતી. ઉપસ્થિત સહુ સમર્થકો ઢોલ કુંડી અને ડીજેના તાલે નાચતા ઝૂમતા જોવા મળતા હતા.સમર્થકો દ્વારા ફટાકડાની ભવ્ય આતસબાજી કરવામાં આવી હતી તેમજ ફૂલોની છોળો અને ગુલાલ ઉડાવતા જોવા મળતા હતા. સહુ સમર્થકોના હાથમાં ભાજપનો ઝંડો લહેરાતો જોવા મળતો હતો. આખી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલિસ દ્વારા કાળજી લેવામાં આવેલ હતી.





**। સંતોષભાઈ જોષી સંતરામપુર, તા.૧૪ ।**

૧૩ સપ્ટેમ્બરના રોજ તાલુકા હેલ્થ ઓફિસ સંતરામપુર ખાતે તાલુકા કક્ષાનો આયુષ્યમાન ભવઃ કાર્યક્રમના ઉદ્‌ઘાટનમાં તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી શારદાબેન પટેલીયા, અધિક્ષકશ્રી ડો. જે.કે. પટેલ SDH હોસ્પીટલ સંતરામપુર, જિલ્લા પંચાયત સભ્યો,તાલુકા પંચાયત સભ્યો, નગરપાલિકાના સભ્યો અને તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો.વિજયભાઈ બી ડામોર તાલુકા હેલ્થ ઓફિસ સંતરામપુરની હાજરીમાં દીપ પ્રગટાવી કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરી પ્રસંગ અનુરૂપ ઉદ્‌બોધન કરવામાં આવ્યું.

## સંતરામપુર તાલુકા પંચાયત ખાતે નવા પ્રમુખની વરણી



**સંતોષ ભાઈ જોષી દ્વારા**
**। સંતરામપુર, તા.૧૪ ।**

સંતરામપુર તાલુકા પંચાયતની પ્રમુખનો કાર્યકાળ પૂર્ણ થતા સંતરામપુર તાલુકા પંચાયતના ભારતીય જનતા પાર્ટીના કાર્યશિષ્ટ એવા શ્રી હરીશભાઈ વળવાઈને તાલુકા પંચાયત સંતરામપુરના પ્રમુખ તરીકે વરણી કરી કરવામાં આવી, પ્રમુખ તરીકેનું સુકાન સોંપવામાં આવેલ છે. સંતરામપુર તેમજ અન્ય ગ-ામના કાર્યકર્તાશ્રી તેમનું સ્વાગત કરી વાજતે ગાજતે ભારતમાતા કી જય, વંદે માતરમના નારા સાથે ગામમાં ખુલ્લી જીપ ઉપર સવાર થઈને કાર્ય કરતા તેમજ સ્નેહીજનોનો આભાર વ્યક્ત કરતા જોવા મળે છે.

## જસદણના વડોદ ગામની સરકારી શાળામાં બે લાખનું દાન આપતાં વિશાલભાઈ નારીયા

**। ઝાલોદ, તા.૧૪ ।**

જસદણના વડોદ ગામની સરકારી પ્રાથમિક શાળાનું નામ છે ક રાજ્ય લેવલ સુધી પહોંચી ચૂક્યું છે કારણ કે આ પ્રાથમિક શાળાના આચાર્ય ગિરીશ બાવળીયા દ્વારા શાળાને વિવિધ કાર્યો થકી બાળકોનું ભણતર સુધારવાનું અને નવું નવું કંઈક શીખવવાનું જબરજસ્ત કામ થઈ રહ્યું હોય એટલે દાનવીરો પણ મહદઅંશે મદદરૂપ થઈ રહ્યાં છે ત્યારે વડોદની આ પ્રાથમિક શાળામાં મુળ જસદણના અને હાલ રાજકોટ રહેતા વિશાલભાઈ ગુણવંતભાઈ નારીયાએ શાળાના લાઈબ્રેરી માટેના ફર્નિચરમાં રૂપિયા. પચાસ હજાર અને સ્માર્ટ કલાસમાં દોઢલાખ રૂપિયા એમ કુલ મળી રૂપિયા બે લાખ જેટલી રકમ આપી એક ખરાં અર્થમાં વિદ્યાર્થીઓને મદદરુપ બન્યાની ખાસ નોંધ લેવામાં આવી હતી ખાસ કરીને યુવા પેઢી પોતાનાં અંગત મોજશોખ પાછળ સહેજ પણ



હિચકિચાટ કર્યા વગર નાણાં ખર્ચે છે પરંતુ વિશાલભાઈએ પોતાનાં પરસેવાની કમાણી વિધાર્થીઓ પાછળ ખર્ચી પિતા ગુણવંતભાઈના પગલે સમાજને એક નવો રાહ ચિંધ્યો હતો. અત્રે નોંધનીય છે કે હજું થોડો સમય પહેલાં વિશાલભાઈના પિતા ગુણવંતભાઈ (નિવૃત્ત બેંક ઑફિસર) એ જસદણમાં ચુનારાવાડ વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળામાં રૂપિયા પચાસ હજારના ખર્ચે ફિલ્ટર પ્લાન્ટ સહિત ઠંડા પાણીનું ફ્રીઝ આપ્યું હતું.

### ડેમની સપાટી ૧૩૪.૮૪ મીટર, હજી સર્વોચ્ચ સપાટીથી ૩.૮૪ મીટર દૂર

## નર્મદા ડેમમાં ઉપરવાસમાંથી પાણીની આવક ઘટતા રિવરબેડ પાવર હાઉસ બંધ કરાયું

**। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૪ ।**

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા બંધ પ્રવર્તમાન ચોમાસાની મૌસમમાં સંપૂર્ણ ભરાવાથી હવે માત્ર ૩.૮૪ મીટર દૂર રહી ગયો છે. જો કે ડેમનાદરવાજા ખુલશે કે નહીં તેનો તમામ આધાર મધ્યપ્રદેશ પર રહ્યો છે.

ગુજરાતમાં મૌસમની સરેરાશ કરતા આ વખતે૧૪ ટકા અને મધ્યપ્રદેશમાં ૧૨ ટકા વરસાદની ઘટ ચાલી રહી છે. મધ્યપ્રદેશમા જોઈએ એવી મેઘમહેરનહિ થતા નર્મદા નદી પર સરદાર સરોવરની ઉપરવાસમાં આવેલા જળાશયોમાં પાણીની આવક થઈ રહી નથી.

નર્મદા ડેમના જળસ્તર ૧૩૪.૮૪ મીટરે છેલ્લા ૧૨ કલાકથી સ્થિર છે. ડેમ હજી સર્વોચ્ચ સપાટી ૧૩૮.૬૮ મીટરથી ૩.૮૪મીટર દૂર છે. ઉપરવાસમાંથી સરદાર સરોવરમાં માત્ર ૪૫,૦૬૬ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જેને લઈ રિવરબેડ પાવર હાઉસના તમામ



૬ ટર્બાઈન બંધ કરી દેવાયા છે. માત્ર કેનાલ હેડના ૫ પૈકી ૩ ટર્બાઈન ચલાવી વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. જેના થકી મુખ્ય કેનાલમાં ૧૪,૨૦૭ ક્યુસેક પાણી વહી રહ્યું છે. ગત વર્ષે આ સમય ગાળામાં ડેમ સંપૂર્ણ ભરાયેલો હતો અને તેના દરવાજા ઓગસ્ટ તેમજ સપ્ટેમ્બરમાં ખોલાયા હતા. ડેમના સત્તાધીશો નર્મદા ડેમને હાલ તો સંપૂર્ણ ભરવા પર પ્રાથમિકતા આપી રહ્યાં છે, તે દરમિયાન મધ્યપ્રદેશમાં ભારે વરસાદ વરસી પડે તો નર્મદા ડેમના ગેટ ખુલી શકવાની એકમાત્ર આશા હાલ તો સેવાઈ રહી છે.

## રાષ્ટ્રિય હિન્દી દિવસ નિમિત્તે નેહરુ યુવા કેન્દ્ર, દાહોદ તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, રાણીયાર દ્વારા હિન્દી કવિતા લેખન સ્પર્ધા યોજાઈ




**। ઝાલોદ, તા.૧૪ ।**

આજ રોજ તારીખ ૧૪/૦૯/૨૦૨૩ ના રોજ રાષ્ટ્રિય હિન્દી દિવસ નિમિત્તે ભારત સરકાર ના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત સંચાલિત નેહરુ યુવા કેન્દ્ર, દાહોદ તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા,રાણીયારના સંયુક્ત ઉપક્રમે હિન્દી દિવસ નિમિત્તે હિન્દી કવિતા લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓ ખૂબ મોટી સંખ્યા માં ભાગ લીધો, આ સ્પર્ધા ના વિજેતા વિદ્યાર્થી મિત્રોને નેહરુ યુવા કેન્દ્ર વતી ઈનામ તેમજ નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ આ સંસ્થાના આચાર્ય જયેશ ભાઈ પટેલ દ્વારા હિન્દી દિવસ નું મહત્વ સમજાવ્યું હતું ભાષા મુગાં ને પણ ઝૂમાવી દે દેવી હોય છે. આપણી રાજ્ય ભાષાનું અવિરત પ્રચાર અને વિલૂપ ના થાય તે માટે હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય જયેશ ભાઈ પટેલ, બળવંત તગરિય, ડાંગી સાહેબ, પ્રયાંક ભાઈ પટેલ અને નેહરુ યુવા કેન્દ્ર, દાહોદ ના રાષ્ટ્રિય સ્વયમ સેવક હિમાંશુ કુમાર લબાના ઉપસ્થિત રહ્યાં અને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

## જેતપુર પ્રા.શાળા ખાતે બાળ વિજ્ઞાન મેળાનું આયોજન કરાયું



**। ઝાલોદ, તા.૧૪ ।**

સી.આર.સી કલજીની સરસવાણી ખાતે તારીખ ૧૪/૦૯/૨૦૨૩ ગુરુવારના રોજ સી.આર.સી કક્ષાનો બાળ વિજ્ઞાન મેળો જેત પુર પ્રા શાળા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન મેળામાં ઉપસ્થિત મહેમાનોમા ગામલોકો તેમજ એસ.એમ.સી અધ્યક્ષ તેમજ સી.આર.સી કો.ઓ ડાહ્યા સોહેલભાઈ. એસ અને જેતપુર પ્રા શાળાના આચાર્ય પટેલ ગોપાલભાઈ દ્વારા સમગ્ર વિજ્ઞાન મેળાનું આયોજન કરવામા આવ્યું. સાથે સમગ્ર કલસ્ટરના સમાવિષ્ટ આચાર્ય ગણિત વિજ્ઞાન શિક્ષક બાળકો તેમજ નિદર્શન માટે ઉપસ્થિત શાળાના બાળકો અને તમામ ને અલ્પાહાર અને ચા આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત સહુ લોકોના સહકાર થી કાર્યક્રમ સફળ રીતે પૂરો થયેલ હતો.

## આણંદ આર.ટી.ઓ. કચેરી સહિતની જિલ્લાની તમામ સરકારી કચેરીના મુખ્યગેટની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં અનઅધિકૃત ઈસમોને ઉભા રહેવા - પ્રવેશવા ઉપર પ્રતિબંધ

**। મનીષ પ્રજાપતિ આણંદ, તા.૧૪ ।**

આણંદ જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી આર. એસ. દેસાઈએ તેમને મળેલ સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા આણંદ જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ આણંદ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, બેડવા તેમજ જિલ્લાની તમામ સરકારી કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં અનઅધિકૃત ઈસમ અથવા ઈસમોની ટોળીને ઉભા રહેવા તેમજ કચેરીમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામામાં વધુમાં જણાવ્યા પ્રમાણે આણંદ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી ખાતે એજન્ટ તથા ટોળી બનાવીને કચેરીમાં પ્રવેશતા અરજદાર/નાગરિકોને ઉલટી – સીધી વાતો કરીને ભોળવી/લલચાવીને તેમજ ગેરમાર્ગે દોરીને વચેટીયા (એજન્ટ) તરીકે કામ કરાવી આપવાનું જણાવી જાહેર જનતાના પૈસા લઈને ભાગી જતા હોવાનું તથા છેતરપીંડી કરતા હોવાનું ધ્યાને આવ્યુ છે. જેથી આવી પ્રવૃત્તિ અટકાવવા સારૂં જિલ્લાની તમામ સરકારી કચેરી ખાતે સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમ અથવા ઈસમોની ટોળીને જિલ્લાની તમામ સરકારી કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઉભા રહેવા તેમજ કચેરીમાં પ્રવેશતા અટકાવવામાં આવે તે જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

## શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં હિન્દી દિવસ ઉજવવામાં આવ્યો

**। ઝાલોદ, તા.૧૪ ।**

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં ૧૪ સપ્ટેમ્બરના રોજ "હિન્દી સપ્તાહ" કાર્યક્રમ અંતર્ગત હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં હિન્દી કાવ્ય પઠન, કાવ્ય ગાન, હિન્દી નિબંધ પ્રતિયોગિતા તથા હિન્દી ભાષણ પ્રતિયોગિતા જેવી વિવિધ પ્રતિયોગિતા નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કોલેજના બધા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ માં અતિથિ વિશેષ તરીકે ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટના ઉપપ્રમુખ અને કૉલેજ કેમ્પસ ડાયરેક્ટર માનનીય એસ.આર. રાવ તથા ટ્રસ્ટના મંત્રી ડૉ. પ્રવિણચંદ્ર એમ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તથા કૉલેજના કાર્યકારી આચાર્ય એમ.એમ.પટેલ વિદ્યાર્થીઓને હિન્દી ભાષાના ગૌરવ અને સમ્માન વિશે અવગત કરાવ્યા હતા. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. યોગેશ ઝાલા એ કર્યુ હતું. તેમજ ડૉ. અજીતસિંહ પરમાર અને ડૉ. સંગીતાબેન વાહિયા એ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી.

## શ્રી શ્રધ્ધા વિદ્યાલયમાં રાષ્ટ્રીય હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી

**। ઝાલોદ, તા.૧૪ ।**

સંજેલી તાલુકામાં આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યુ-કેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રદ્ધા વિદ્યાલયમાં ૧૪ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. હિન્દી આપણી રાષ્ટ્રભાષા છે. હિન્દી રાષ્ટ્રીય અસ્મિતા અને ગૌરવનું પ્રતીક માનવામાં આવે છે. ધર્મો અને રાજ્યની જોડતી ભાષા તરીકે હિન્દીને માનવામાં આવે છે. ૧૪મી સપ્ટેમ્બર હિન્દી દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ શૈક્ષણિક કાર્ય દરમિયાન હિન્દીમાં વાંચન - લેખન અને ચર્ચાઓ હિન્દીમાં કરવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. આજે તમને ગુલાબ વધુ લાલ લાગશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. આજે તમે સંબંધો નું મહત્વ અનુભવી શકો છો કારણ કે આજે તમે તમારા મોટાભાગ ના સમય તમારા પરિવાર ના સભ્યો સાથે વિતાવશો. આજે તમારા કામની સરાહના થશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો. આ રાશિ ના જાતકો આજે લોકો ને મળવા કરતા એકાંત માં રહેવું વધારે પસંદ કરશે? આજે તમે ખાલી સમય માં ઘર માં સાફ સફાઈ કરી શકો છો?

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. તમારે ફ્રી ટાઈમ નો યોગ્ય રીતે ઉપયોગ કરવા નું શીખવું પડશે નહીં.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. આ રાશિ ના જાતકો આજે લોકો ને મળવા કરતા એકાંત માં રહેવું વધારે પસંદ કરશે? આજે તમે ખાલી સમય માં ઘર માં સાફ સફાઈ કરી શકો છો? તમારા જીવનસાથી તમારા ખરા દેવદૂત છે, અને તમને એ બાબત આજે સમજાશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે-તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમારી રમૂજવૃત્તિ તમારી મહામૂલી મૂડી સાબિત થશે. તમે આજે અનુભવશો કે તમારૂં લગ્નજીવન આટલું સુંદર ક્યારેય નહોતું.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ઘરનું ટૅન્શન તમને ગુસ્સે કરશે.તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. તમારી પાસેના ફાજલ સમયનો લાભ તમારા પરિવારના સભ્યોની મદદ કરવા માટે લો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આજે તમારા જીવનસાથી તમને ઈરાદાપૂવર્વક ઠેસ પહોંચાડશે, જે તમને થોડા સમય માટે વિચલિત કરી મુકશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારા જીવનસાથીની તબિયત ચિંતાનું કારણ બની શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે.

# વૈજ્ઞાનિકોએ સાબિત કરી દીધું ઉંમરને ઓછી કરી દે છે ધુમ્રપાન ! જેનટિક ક્લોકને કરી દે છે ઝડપી



## સિગારેટ પીવી સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, આ ચેતવણી સિગારેટના દરેક પેકેટ પર જોવા મળે છે

। નવી દિલ્હી, તા.૧૪ ।

સિગારેટ પીવી સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. આ ચેતવણી સિગારેટના દરેક પેકેટ પર જોવા મળે છે. ધૂમ્રપાન કરવાથી માણસ અનેક પ્રકારના રોગોને આમંત્રણ આપે છે. આના પર ઘણા પ્રકારના સંશોધન કરવામાં આવ્યા છે, પરંતુ નવા અભ્યાસમાં, પ્રથમ વખત, વૃદ્ધત્વની ઝડપ અને સિગારેટના ધૂમ્રપાન વચ્ચેના સંબંધ પર સંશોધન કરવામાં આવ્યું છે, અને જાણવા મળ્યું છે કે, સિગારેટ પીવાથી વ્યક્તિની વૃદ્ધત્વની પ્રક્રિયા ઝડપી બને છે. અભ્યાસમાં, વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે સિગારેટના ધૂમ્રપાનનો સફેદ રક્ત કોશિકાઓમાં રહેલા લ્યુકોસાઈટ ટેલોમેરેસની લંબાઈમાં ઘટાડો સાથે મજબૂત સંબંધ છે. એવું જાણવા મળ્યું છે કે, વધુ સિગારેટ પીવાથી ટેલોમેર્સની લંબાઈ ઘટી જાય છે, જે વૃદ્ધત્વનું કારણ છે. હાંગઝોઉ નોર્મલ યુનિવર્સિટીના ક્લિનિકલ મેડિસિન સ્કૂલના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. સિયુ ડાઈ દ્વારા મિલાનમાં યુરોપિયન રેસ્પિરેટરી સોસાયટી ઈન્ટરનેશનલ કૉંગ્રેસમાં રજૂ કરાયેલ અભ્યાસ દર્શાવે છે કે સિગારેટનું ધૂમ્રપાન લ્યુકોસાઈટ ટેલોમેરની લંબાઈ ઘટાડે છે. તે ટીશ્યુ રિપેર, પુનર્નિર્માણ અને વૃદ્ધત્વનું સૂચક છે. પ્રક્રિયા બીજા શબ્દોમાં કહીએ તો, ધૂમ્રપાન વૃદ્ધત્વ પ્રક્રિયાને વેગ આપે છે. આ સાક્ષાત્કારને સમજવા માટે, ટેલોમેરેસના કાર્યને સમજવું મહત્વપૂર્ણ છે. તેઓ જૂતાની પટ્ટીઓ પર પ્લાસ્ટિક અથવા ધાતુના છેડા જેવા હોય છે જે ટોપને પહેરવાથી બચાવે છે. ડીએનએમાં ટેલોમેરેસ રંગસૂત્રોના છેડાને સુરક્ષિત કરવા માટે છે. પરંતુ કોષોના દરેક વિભાજન સાથે તેઓ થોડા નાના બને છે. આ કોષની વિભાજન કરવાની ક્ષમતા ઘટાડે છે. જ્યારે તેઓ ખૂબ નાના બને છે ત્યારે કોષો મૃત્યુ પામે છે, જે વૃદ્ધત્વ પ્રક્રિયાનો એક ભાગ છે. અગાઉ એવું પણ માનવામાં આવતું હતું કે, શ્વેત રક્ત કોશિકાઓ અથવા લ્યુકોસાઈટ્સમાં ટેલોમેરેસનો ધૂમ્રપાન સાથે થોડો સંબંધ છે. પરંતુ વર્તમાન અભ્યાસ ધૂમ્રપાન, સિગારેટ પીવાની માત્રા અને ટેલોમેર શોર્ટનિંગ વચ્ચેની કડીની તપાસ કરનાર પ્રથમ અભ્યાસ છે. આ માટે, ડૉ. ડાઈ અને તેમના સાથી ડૉ. ફેન ચેને યુકે બાયોબેંકના આરોગ્ય અને આનુવંશિક ડેટાનું વિશ્લેષણ કર્યું. આમાં, સંશોધકોએ યુકે બાયોબેંકના ૪૭૨૧૭૪ સહભાગીઓના ડેટા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. સંશોધકોએ મેન્ડેલિયન રેન્ડમાઈઝેશન અભિગમનો ઉપયોગ કર્યો હતો જેણે સિંગલ ન્યુક્લિયોટાઈડ પોલીમોર્ફિઝમ અથવા આનુવંશિક ભિન્નતામાં ફેરફાર વિશેની માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો.



જમ્મુના જમ્મુ અને કેના અનંતનાગ જિલ્લામાં આતંકવાદીઓ સાથે ગોળીબારમાં શહીદ થયેલા ૩ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપતા સ્કૂલના બાળકો.

# ગૂગલે ફરીથી વૈશ્વિક ભરતી ટીમમાંથી કર્મીઓની છટણી શરૂ કરી

## ભરતી પ્રક્રિયાને પણ ધીમે કરી દીધી, કંપની મુખ્ય ભૂમિકાઓ માટે ભરતી કરવા માટે ટીમના નોંધપાત્ર હિસ્સાને જાળવી રાખશે

। નવી દિલ્હી,તા.૧૪ ।

ગ્રાહક માંગ ઘટવાની આશંકાએ વિશ્વભરમાં મંદીનો ઓછાયો ફેલાઈ રહ્યો છે અને ખાસ કરીને કોરોનાકાળ અને બાદમાં ઝડપથી વૃદ્ધિ પામેલા આઈટી સેક્ટરને ઓટનો સામનો કરવો પડી રહ્યો છે. ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટે ફરી એકવાર વૈશ્વિક ભરતી ટીમમાંથી કર્મચારીઓની છટણી શરુ કરી છે.

ઉપરાંત તેને તેની ભરતી પ્રક્રિયાને પણ ધીમે કરી દીધી છે. એક અહેવાલ મુજબ, આ મોટા પ્રમાણમાં થયેલી છટણીનો ભાગ નથી પરંતુ તાજેતરમાં સેંકડો કર્મચારીની છટણી કરવામાં આવી છે. કંપની મુખ્ય ભૂમિકાઓ માટે ભરતી કરવા માટે ટીમના નોંધપાત્ર હિસ્સાને જાળવી રાખશે. આ ક્વાર્ટરમાં આલ્ફાબેટ એ પ્રથમ નંબર પર આવતી




'બિગ ટેક' કંપની છે જેણે કર્મચારીઓની છટણી કરી છે, જેમાં મેટા, માઈક્રોસોફ્ટ અને એમેઝોન જેવી બીજી મોટી ટેક કંપનીઓએ ૨૦૨૩ ની શરૂઆતમાં મોટા પ્રમાણમાં છટણી કરી હતી.

મોટી ટેક જાયન્ટ કંપનીઓમાં આ વર્ષના શરૂઆતથી જ છટણીનો દોર શરુ થયો હતો. ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટે જાન્યુઆરીમાં લગભગ ૧૨,૦૦૦ કર્મચારીઓની છટણી કરી હતી, જેનાથી તેના કર્મચારીઓની સંખ્યામાં ૬ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. એક અહેવાલ મુજબ યુ.એસ.માં છટણી જુલાઈથી ઓગસ્ટ સુધીમાં ત્રણ ગણાથી વધુ અને એક વર્ષ અગાઉ કરતાં લગભગ ચાર ગણી વધી છે. કેટલાક નિષ્ણાતો અનુસાર ૮ સપ્ટેમ્બરના રોજ પૂરા થતા સપ્તાહમાં બેરોજગારી લગભગ ૯ ટકા વધવાની સંભાવના કરી હતી, જે અગાઉના સાત દિવસના સમયગાળાથી ૧૩,૦૦૦ ઘટીને ૨૧૬,૦૦૦ થઈ ગઈ હતી.

વિશ્વની ચોથા નંબરની સૌથી મોટી એકાઉન્ટન્સી ફર્મ્સમાંની એક ડેલોઈટ પણ ખર્ચ ઘટાડવા માટે સામૂહિક છટણીની તૈયારી કરી રહી છે. મળતા મીડિયા અહેવાલો અનુસાર, આ કંપનીમાં કેટલીક ભૂમિકાઓ પર રહેલા કર્મચારીઓની છટણી કરવાની તૈયારી ચાલી રહી છે.

# શહેરમાં યુવાનોમાં હાર્ટ એટેક આવવાના કેસોમાં વધારો થયો

। નવી દિલ્હી, તા.૧૪ ।

હાઈ બીપી, સ્મોકિંગ અને હાઈ કોલેસ્ટ્રોલની સાથે જીવનશૈલી સંબંધિત ઘણા કારણો છે જેના કારણે હાર્ટ એટેક આવે છે. જેમ તમે જાણો છો, ધૂમ્રપાનથી હૃદયની ધમનીઓ અને નસોને ભારે નુકસાન થાય છે. આ બધા સિવાય કોલેસ્ટ્રોલ વધવાથી હૃદયની ધમનીઓમાં ઘણી સમસ્યાઓ થાય છે. આ બધા સિવાય પણ એવા ઘણા કારણો છે જેના કારણે હાર્ટ એટેકનો ખતરો વધી જાય છે. દુખાવો અથવા અગવડતા જે હાથ (સામાન્ય રીતે ડાબા હાથ), ગરદન, જડબા, ખભાના બ્લેડ, પીઠ અથવા તો પેટ સુધી ફેલાય છે. શ્વાસ લેવામાં તકલીફ, શ્વાસ લેવામાં તકલીફ અથવા ઝડપી શ્વાસ. અતિશય પરસેવો, ઘણીવાર ઠંડી અને ચીકણી ચામડી સાથે, ચક્કર અથવા હલકા માથાની લાગણી, અતિશય થાક લાગે છે. જો તમને પલ્સ ન મળે, તો તરત જ CPR શરૂ કરો. જ્યારે વ્યક્તિ શ્વાસ ન લેતી હોય અથવા માત્ર હાંફતી હોય ત્યારે તરત જ CPR શરૂ કરવું મહત્વપૂર્ણ છે. હૃદય અને મગજમાં ઓક્સિજન અને રક્ત પંપ કરવા માટે સીપીઆર બચાવ શ્વાસ અને છાતીના સંકોચનનો ઉપયોગ કરે છે. સૌથી અગત્યનું, કાર્ડિયોવેસ્ક્યુલર રોગએ વિશ્વભરમાં મૃત્યુના મુખ્ય કારણોમાંનું એક છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, વર્ષ ૨૦૧૯માં સીવીડીને કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૧.૭૯ કરોડ હતી. જેમાંથી ૮૫ ટકા હાર્ટ એટેક અને સ્ટ્રોકના કારણે હતા. 'અમેરિકન કોલેજ ઓફ કાર્ડિયોલોજી'ના જર્નલ અનુસાર, ભારતમાં CVDને કારણે મૃત્યુની સંખ્યા ૧૯૯૦માં ૨૨.૬ લાખથી વધીને ૨૦૨૦માં ૪૭.૭ લાખ થઈ ગઈ છે. પલ્સ તપાસો. જો તમે તમારી આસપાસ કોઈને શ્વાસ માટે હાંફતા જોશો, તો તમારે સૌથી પહેલા પલ્સ તપાસવાની જરૂર છે. પલ્સને તપાસવાની એક રીત એ છે કે વ્યક્તિના કાંડા અથવા ગરદન પર બે આંગળીઓ મૂકો અને મજબૂત અને સ્થિર ધબકારા અનુભવો.

# મેક્સિકોની સંસદમાં ૧૦૦૦ વર્ષ જૂના એલિયનની ડેડ બોડી રજુ કરાઈ

। નવી દિલ્હી, તા.૧૪ ।

મેક્સિકોની કોંગ્રેસે ૧૦૦૦ વર્ષ જૂની 'એલિયન'ની લાશ રજુ કરવામાં આવી હતી. આ લાશો પેરુના કુઝકોમાં ખાણોમાંથી મળી આવી હતી. આ મૃતદેહોને વિન્ડો બોક્સમાં રાખવામાં આવ્યા હતા જેથી દરેક તેને જોઈ શકે. લાશોના નમૂનાઓમાંથી મેળવેલા DNAનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને તેની તુલના અન્ય DNA સાથે કરવામાં આવી હતી, જે પછી જાણવા મળ્યું હતું કે, નમૂનાઓમાં ૩0% થી વધુ ડીએનએ અજાણ્યા હતા. આને સંસદમાં UFO નિષ્ણાત જેમી મૌસન દ્વારા પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. મૌસને તેની સુનાવણી દરમિયાન મેક્સિકન સરકાર અને અમેરિકી અધિકારીઓને આ અંગે જાણકારી આપી હતી. અહેવાલ મુજબ, મૌસને કહ્યું કે આ એવા જીવો નથી જે UFO ના કાટમાળ બાદ મળી આવ્યા હતા. લાઈવ સ્ક્રીનિંગમાં તેમનો એક્સ-રે પણ બતાવવામાં આવ્યો હતો, જેમાં બહાર આવ્યું હતું કે અંદર સળિયા અને ઈંડા જેવી કોઈ વસ્તુ છે.

# ૮૦ હજાર પેન્ડિંગ કેસના ડેટા એનજેડીજી પર અપલોડ કરાશે

। નવી દિલ્હી, તા.૧૪ ।

સુપ્રીમકોર્ટે ઐતિહાસિક પહેલ કરતાં તમામ લંબિત કેસના ડેટાને નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રિડ (એનજેડીજી) પર અપલોડ કરવાનો નિર્ણય કર્યો છે. ઉલ્લેખનીય છે કે સુપ્રીમકોર્ટ અત્યાર સુધી એનજેડીજીના દાયરાથી બહાર હતી. સીજેઆઈડી.વાય.ચંદ્રચૂડે તેની શરૂઆત કરી છે. સીજેઆઈચંદ્રચૂડે તેની જાહેરાત કરતાં કહ્યું કે આ પારદર્શકતા અને જવાબદેહી લાવવા માટે છે. ૮૦૦૦૦ કેસ પેન્ડિંગ છે. ૧૫૦૦૦ અત્યાર સુધી રજિસ્ટર્ડ નથી એટલા માટે તે અત્યાર સુધી લંબિત નથી. અમારી પાસે હવે ગ્રાફ છે. જુલાઈમાં ૫૦૦૦થી વધુ કેસનો નિકાલ લવાયો હતો. સીજેઆઈએ કહ્યું કે ૩ જજોની બેન્ચ સમક્ષ ૫૮૩ કેસ લંબિત છે અને હું જલદી જ એ બેન્ચોની રચના કરીશ. અમારી પાસે સિવિલ અને ગુનાહિત બંને પ્રકારના કેસ સંબંધિત ડેટા છે. વર્ષ ૨૦૦૦ પહેલાંના લગભગ ૧૦૦થી પણ ઓછા કેસ છે. એટલા માટે આ તમામ જૂના કેસનો નિકાલ લાવવા માટે એક ડેટાબેઝ પૂરું પાડે છે. હું વિશેષ બેન્ચની રચના કરવાની તૈયારી કરી રહ્યો છું. એનજેડીજીપોર્ટલ પર કેસ દાખલ થવા અને તેનો નિકાલ આવતા દર મહિનાનો અને વર્ષ અનુસાર વિગતવાર ડેટા હશે.

# અમેરિકામાં ભારતીય સ્ટુડન્ટને પોલીસે કચડી નાખી

। નવી દિલ્હી, તા.૧૪ ।

અમેરિકામાં એક ભારતીય વિદ્યાર્થીનીનું કાર અકસ્માતમાં મૃત્યુ થયા પછી ત્યાંની પોલીસે સંવેદનાપૂર્વક કામ કરવાના બદલે આ ઘટનાને સાવ હળવાશથી લીધી અને મજાકમસ્તી કરી છે. જહાનવી કંડુલા નામની ૨૩ વર્ષીય યુવતી મૂળ આંધ્ર પ્રદેશની હતી અને અમેરિકામાં ગ્રેજ્યુએટ થવા માટે આવી હતી. જાન્યુઆરીમાં એક એક્સિડન્ટમાં તેનું મોત નિપજ્યું હતું. આ અકસ્માત પણ પોલીસ પેટ્રોલ વાહનની ટક્કરથી થયો હતો. દુઃખની વાત એ છે કે આ કેસની તપાસ કરનાર પોલીસ અધિકારીઓ આ એક્સિડન્ટને ગંભીરતાથી લેવાના બદલે હસી રહ્યા હતા અને મજાક કરી રહ્યા હતા. અમેરિકન પોલીસ અધિકારીની આવી હરકત કેમેરેમાં રેકોર્ડ થઈ ગઈ હોવાથી તેની સામે તપાસ શરૂ થઈ છે.

## વિશેષ

### મારા મતે શિક્ષણ એટલે પોતાને ગમતા વિષયમાં આગળ વધવા માટે અપાતી તાલીમ : આચાર્યશ્રી

# ચિંતા વિના ચિંતન અને ટેન્શન વિના તાલીમ આપતી બોટાદની અનોખી શાળા

## આગ લાગે કે ભૂકંપ આવે તો શું કરવું, એક્સિડન્ટ થાય ત્યારે શું કરવું સહિતના મુદ્દાઓને સાંકળતી મોક ડ્રાઇવ યોજી જનડા પ્રાથમિક શાળાનાં બાળકોને અપાઇ છે ડિઝાસ્ટર મેનેજમેન્ટનું પ્રેક્ટિકલ જ્ઞાન







અરે દૂર હટો.....આગ લાગી.....આગ લાગી....અરે રેતીની ડોલ લાવો....બાળકો બૂમો પાડતાં પાડતાં આગ ઠારી રહ્યાં છે...સૌનાં જીવ તાળવે ચોંટી ગયા છે...હવે શું થશે? પરંતુ બાળકોએ આગવી સૂઝબૂઝથી દુર્ઘટનાને મોટું સ્વરૂપ લેતાં પહેલાં જ તેનુ નિરાકરણ લાવી દીધું. આ કોઈ સત્યઘટના નથી પણ આ તો છે જનડા પ્રાથમિક શાળામાં યોજાયેલી મોકડ્રિલ...નવાઈ લાગી ને! આ પ્રકારની મોકડ્રિલ એ પણ શાળામાં? તો તેનો જવાબ છે, હા... બાળકોને શાળામાં ભણતર સાથે ગણતરનાં પાઠ શીખવતી જનડા પ્રાથમિક શાળામાં સમયાંતરે આ પ્રકારની મોકડ્રિલ યોજાતી હોય છે જેથી બાળકોને દુર્ઘટના સમયે શું કરવું તેનું પ્રત્યક્ષ જ્ઞાન મળે છે.

જનડા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ હિન્દી અને અંગ્રેજીમાં વાતો કરતાં જોવા મળે છે. શાળા કક્ષાના રમતોત્સવ પૂર્વે તૈયારી કરવાની હોય કે શિષ્યવૃત્તિની પરીક્ષા માટે મહેનત કરવાની હોય આ શાળાનાં બાળકો સાથે શિક્ષકો પણ તનતોડ મહેનત કરી બાળકોનાં ભવિષ્યના ઘડતર માટે સતત પ્રયત્નશીલ છે. બોટાદ જિલ્લાની જનડા પ્રાથમિક શાળા ખરેખર અનોખી રીતે બાળકોને કેળવણી આપી રહી છે.

૪ સ્માર્ટ ક્લાસ તથા ૪ સીસીટીવી કેમેરા અને વિશાળ મેદાનથી શોભતી જનડા પ્રાથમિક શાળામાં ૪૦૦ જેટલા બાળકો હાલ અભ્યાસ કરી રહ્યાં છે. રવિવારે પણ "શિક્ષણનો સેવાયજ્ઞ" ચલાવતાં શાળાનાં આચાર્યશ્રી મનુભાઈ ગાબુ કહે છે કે, "મારા મતે શિક્ષણ એટલે પોતાને ગમતા વિષયમાં આગળ વધવા માટે અપાતી તાલીમ. અમે ખાસ કરીને પ્રેક્ટીકલ શિક્ષણ પણ વધુ ભાર મૂકીએ છીએ. અમે શાળામાં આગ લાગે તો શું કરવું, ભૂકંપ આવે તો શું કરવું, એક્સિડન્ટ થાય ત્યારે શું કરવું સહિતના મુદ્દાઓને સાંકળી તેની મોક ડ્રાઈવ યોજી બાળકોને ડિઝાસ્ટર મેનેજમેન્ટનું પ્રેક્ટિકલ જ્ઞાન આપવાનો પ્રયત્ન કરીએ છીએ. અમારી શાળામાં માત્ર અક્ષર જ્ઞાન નહીં, પણ સાચી કેળવણી પર ભાર આપવામાં આવે છે. શાળાની તમામ પ્રવૃત્તિઓને 'બાલનગરી' નામની યૂ-ટ્યૂબ ચેનલ પર મૂકીએ છીએ, જેથી અન્ય શાળાઓ પણ આ પ્રકારે પ્રવૃત્તિઓ કરાવી શકે. તમામ શિક્ષકો સવારે અડધી કલાક વહેલા આવી જઈ બાળકોને ઈતર પ્રવૃત્તિઓ, સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરાવે છે. અહીં બાળસાંસદની રચના કરવામાં આવી છે જેથી તમામ બાબતોમાં બાળકો જ નેતૃત્વ લેતા થયાં છે."

હિન્દી ભાષા વિશે વાત કરતાં મનુભાઈએ જણાવ્યું હતું કે, "શાળામાં જ્યારે હિન્દી ભાષાનો પીરિયડ હોય ત્યારે વર્ગમાં માત્ર હિન્દી ભાષાનો જ પ્રયોગ કરવામાં આવે છે. જેથી બાળકોનું ભાષા જ્ઞાન સમૃદ્ધ થયું છે. શાળામાં સોમવાર અને મંગળવાર ગુજરાતી ભાષા, બુધવાર અને ગુરૂવાર હિન્દી ભાષા તેમજ શુક્રવાર અને શનિવાર અંગ્રેજી અથવા હિન્દી ભાષાનો જ ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત રવિવારે 'ચાલો અંગ્રેજી ભાષા શીખીએ'ની નવતર પહેલ સાથે એક પ્રયોગ હાથ ધર્યો છે જેથી બાળકો અંગ્રેજી ભાષાના નાટકમાં પણ ભાગ લેતા થયાં છે અને તમામ બાળકોનો સ્ટેજ ફિઅર દૂર થયો છે. અભ્યાસક્રમનાં મુદ્દાઓને સાંકળીને અંગ્રેજી, હિન્દી, ગુજરાતી ભાષાઓમાં બાળકોને નાટ્ય સ્વરૂપે ભણતર આપવામાં આવે છે. જેથી તમામ બાળકો હસતાં-રમતાં શિક્ષણ મેળવી રહ્યાં છે, સાથોસાથ ગામનાં દાતાઓ પણ શાળામાં સુવિધાઓ ઉભી કરવા દાનની સરવાણી વહાવી રહ્યાં છે."

તો જનડા પ્રાથમિક શાળા છે ને સરસ મજાની પ્રવૃત્તિઓ કરાવતી અનોખી શાળા. જેમાં બાળકો હસતાં હસાવતાં કેળવણી મેળવી રહ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. શાળાઓમાં "ચિંતા વિના ચિંતન અને ટેન્શન વિના તાલીમ" આપવામાં આવે છે જેથી બાળક મન દઈને ભણે, ગણે અને આગળ વધે છે.

# અઘોરીના વેશ ધારણ કરીને ચોરી કરતી મદારી ગેંગનો એક આરોપી ઝડપાયો

। અમદાવાદ, તા.૧૪ ।

સોલા સાયન્સ સીટી પાસે એક સિનિયર સીટીઝનને અઘોરીની વેશ ધારણ કરી નકલી સાધુઓએ હિપ્નોટાઈઝ કરીને સોનાના દાગીના ચોરી કરી લીધા હતા. જેને લઈને ઝોન ૧ ન્ઝમ્ સ્કોર્ડએ બાતમીના આધારે યુવકની ધરપકડ કરી. આ આરોપી મદારી ગેંગનો સાગરીત હતો. તેની પાસેથી ચોરી કરેલા સોનાના દાગીના પણ મળી આવ્યા છે. તપાસમાં સામે આવ્યું કે આરોપી પાસેથી ચોરીના સોનાના દાગીના વેચવા જઈ રહ્યો હતો. તેની પાસેથી ૫૨ ગ્રામના ૨.૩૩ લાખના દાગીના કબ્જે કરવામાં આવ્યા છે. આ આરોપી અને મદારી ગેંગના અન્ય આરોપીઓ મળીને સિનિયર સીટીઝન અને રાહદારીઓને ટાર્ગેટ કરીને આસ્થાના નામે ચોરીને અંજામ આપતા હતા. ઓપરેન્ડી એવી છે કે આ ટોળકી દહેગામ નજીક આવેલા ગણેશપુરા ગામમાં રહે છે. અને સાધુ અને અઘોરી બાવા નો વેશ ધારણ કરીને દેશના જુદા જુદા રાજ્યોમાં આસ્થા અને શ્રદ્ધાના બહાને વિશ્વાસ કેળવીને નજર ચૂકવીને ચોરી કરતા હોય છે. આ ટોળકી હિપ્નોટાઈઝ કરવામાં એક્સપર્ટ છે. આ મદારી ગેંગના આરોપીઓ એક ગાડીમાં બે કે ત્રણ નીકળતા હતા. તેઓ એક સાધુ વેશ ધારણ કરતો તો બીજો અઘોરી બાવા બનતો હતો. અને રાહદારીઓને નજીકમાં શંકર ભગવાનના મંદિરનું સરનામું પૂછવાના બહાને તેની સાથે વાતચીત કરતા જે બાદ નકલી સાધુ ગાડીમાં બેઠેલા નકલી અઘોરી બાવા પાસે બોલાવીને જે તે વ્યક્તિને હિપ્નોટાઈઝ કરતા હતા.

# લોકસભાની ચૂંટણી લડનારા પ્રશાંત પટેલે રાજીનામું આપતા ખળભળાટ મચી

## પ્રશાંત પટેલ સાથે કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સુરેશ પટેલ અને ભાવેશ પટેલ પણ ભાજપમાં જોડાવાના છે

। વડોદરા, તા.૧૪ ।

લોકસભાની ચૂંટણી પહેલાં વડોદરા કોંગ્રેસ ફરી એકવાર તુટી હોવાના સમાચાર મળ્યા છે. લોકસભાની ચૂંટણી લડનારા પ્રશાંત પટેલે રાજીનામું આપતા ખળભળાટ મચી જવા પામ્યો છે. તેમની સાથે ૫૦૦થી વધુ કાર્યકરો સાથે ૧૭ સપ્ટેમ્બરે ભાજપનો ભગવો ધારણ કરશે. પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલની હાજરીમાં ભાજપમાં જોડાશે. કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સુરેશ પટેલ અને ભાવેશ પટેલ પણ ભાજપમાં જોડાશે, કોંગ્રેસના અનેક કાર્યકરો હોદ્દેદારો પણ ભાજપમાં જોડાશે. કોંગ્રેસના પૂર્વ શહેર પ્રમુખ પ્રશાંત પટેલ સાથે કોંગ્રેસના અનેક હોદ્દેદારો અને કાર્યકરોએ પણ રાજીનામા આપ્યા છે. પ્રશાંત પટેલ સાથે કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સુરેશ પટેલ અને ભાવેશ પટેલ પણ ભાજપમાં જોડાવાના છે. તો કોંગ્રેસના અનેક કાર્યકરો હોદ્દેદારો પણ ભાજપમાં જોડાશે.

પ્રશાંત પટેલે નિવેદન આપતા જણાવ્યું હતું કે, મેં કોંગ્રેસના તમામ સભ્ય પદ સહિત પ્રાથમિક સભ્યપદથી રાજીનામું આપી દીધું છે. પીએમ મોદીના વિકાસના કામ અને



હિન્દુત્વના એજન્ડાથી પ્રેરિત થઈ તેઓ ભાજપમાં જોડાશે. મારા કોંગ્રેસના નેતાઓ સાથે પણ જૂના સંબંધો છે. કોંગ્રેસથી કોઈ નારાજગી નથી, પણ હિન્દુત્વના સાગરમાં હું જોડાવવા માગુ છું. કોંગ્રેસ સનાતન ધર્મના વિરૂદ્ધમાં બોલે છે જે ક્યારેય સહન ન થાય. હું છેલ્લા એક વર્ષથી નિષ્ક્રિય હતો, કોંગ્રેસમાં રહેવું કે નહીં તે દુવિધામાં હતો. હવે ૧૭ મી સપ્ટેમ્બરે ૫૦૦ લોકો સાથે ભાજપમાં જોડાઈશ. મારી સાથે જેને ભાજપ માં જોડાવું હોય તે જોડાઈ શકે છે. ભાજપમાં હું એક કાર્યકર તરીકે, જવાબદાર નાગરિક તરીકે જોડાવવું છે. એટલે હું જોડાઈ રહ્યો છું. હું કોઈ ચૂંટણી લડવાનો નથી.' પ્રશાંત પટેલ ૧૯૯૭માં એમ. એસ. યુનિવર્સિટીના સ્ટુડન્ટ યુનિયનના પ્રેસિડેન્ટ રહી ચુક્યા છે. વર્ષ ૨૦૧૫માં પ્રશાંત પટેલને વડોદરા કોંગ્રેસના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. તે સમયે પ્રશાંત પટેલ વડોદરામાં કોંગ્રેસના ઈતિહાસના સૌથી યુવા પ્રમુખ બન્યા હતા. જ્યારે પ્રશાંત પટેલને પ્રમુખ બનાવવામાં આવ્યા હતા એ પહેલા ૬ મહિનામાં ચાર પ્રમુખ બદલાઈ ચુક્યા હતા.

જે પછી પ્રશાંત પટેલને પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. જે પછી પ્રશાંત પટેલ પર પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો હતો.

### રેલ મંત્રી દ્વારા ૩ ઓવર બ્રિજ બનાવવાની મંજૂરી

# ગાંધીનગર, કલોલ તેમજ ખોડિયાર સેક્શનમાં ત્રણ ઓવરબ્રિજ બનાવવાની મંજૂરી આપી



। અમદાવાદ, તા.૧૪ ।

રેલ મંત્રાલયે બહુપ્રતિક્ષિત ત્રણ રેલવે ઓવરબ્રિજને અમ્બ્રેલા પ્રોજેક્ટ અંતર્ગત બનાવવાની મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ લગભગ ૩૪૦ કરોડના ખર્ચે કલોલ-ગાંધીનગર સેક્શનમાં લેવલ ક્રોસિંગ નંબર ૧૧, ખોડિયાર-ગાંધીનગર સેક્શનમાં લેવલ ક્રોસિંગ નંબર ૧૩ અને કલોલ-ગાંધીનગર સેક્શનમાં લેવલ ક્રોસિંગ નંબર ૯ પર ત્રણ રોડ ઓવર બ્રિજ બનાવવામાં આવશે.

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા આ ૩ ઓવર બ્રિજ બનાવવાની મંજૂરી આપવાનો નિર્ણય એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ પરિયોજનાથી માત્ર રેલવેને જ નહીં પણ માર્ગ વાહનવ્યવહાર પણ વધારે સારો અને સુરક્ષિત બનશે. વળી તેનાથી સ્થાનિક લોકોને પણ આવવા-જવાની સારી સુવિધા મળી રહેશે. મંડળ રેલ પ્રબંધક સુધીરકુમાર શર્માએ આ પ્રોજેક્ટનું મહત્ત્વ જણાવતાં કહ્યું કે આ રોડ ઓવર બ્રિજ બનવાથી લોકોને સારી રીતે આવવા-જવાની સુવિધા મળશે તેમજ સમય અને ઈંધણની પણ બચત થશે.

કલોલ-ગાંધીનગર સેક્શન : આ સેક્શનમાં કોલવડા-ગાંધીનગર વચ્ચે લેવલ ક્રોસિંગ નંબર ૧૧ પર લગભગ ૧૦૧ કરોડ રૂપિયાના ખર્ચે ચાર લેન રોડ ઓવર બ્રિજ બનાવવામાં આવશે. તેથી ગાંધીનગર સિટી, કલોલ, વાવોલ, જીઆઈડીસી વિસ્તાર, પેથાપુર ગામ વગેરેને લાભ થશે.

ખોડિયાર-ગાંધીનગર સેક્શન : ખોડિયાર-ગાંધીનગર વચ્ચે લેવલ ક્રોસિંગ નંબર ૧૩ પર લગભગ ૧૨૦ કરોડ રૂપિયાના ખર્ચે ચાર લાઈન રોડ ઓવર બ્રિજ બનાવવામાં આવશે. ગાંધીનગર સિટી, પેથાપુર ગામ તેમજ રાંધેજાની સમાન્ય જનતાને આનો લાભ મળશે.

કલોલ-ગાંધીનગર સેક્શન : કોલવડા-ગાંધીનગર વચ્ચે લેવલ ક્રોસિંગ નંબર ૯ પર લગભગ ૧૨૦ કરોડ રૂપિયા ખર્ચે ફોર લાઈન રોડ ઓવર બ્રિજ બનાવવામાં આવશે.

### રફ ડ્રાઈવિંગ કરનારા લોકો સામે કડક કાર્યવાહી

# સુરતમાં ટ્રાફિકના નિયમોનું ભંગ કરનારાઓ સામે મોટી કાર્યવાહી

## ૨૦૨૩ના વર્ષમાં અત્યાર સુધીમાં ૯૫૫ જેટલા વાહન ચાલકોના લાઇસન્સ સુરત આરટીઓ દ્વારા ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે

। સુરત, તા.૧૪ ।

સુરત શહેર ટ્રાફિક પોલીસ અને આરટીઓ દ્વારા છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકના નિયમોને લઈને વાહનચાલકોમાં જાગૃતતા આવે તેને લઈ કાર્યવાહી કરવામાં આવી રહી છે, ત્યારે સુરત આરટીઓ દ્વારા ટ્રાફિક નિયમનું પાલન ન કરનારા અને અન્ય લોકોના જીવને જોખમમાં મૂકી રસ્તા પર રફ ડ્રાઈવિંગ કરનારા લોકો સામે હવે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સુરત પોલીસ અને આરટીઓ દ્વારા લોકોમાં ટ્રાફિકના નિયમોને લઈને જાગૃતિ આવે તેટલા માટે અલગ-અલગ કાર્યક્રમોના આયોજન પણ કરવામાં આવ્યા છે. બાળકોને પણ ટ્રાફિક નિયમ અંગે શિક્ષણ પણ આપવામાં આવી રહ્યું છે. છતાં પણ લોકોમાં ટ્રાફિક નિયમોને લઈને જાગૃતતા ન આવી હોય તેવું લાગી



રહ્યું છે અને એટલા માટે જ સુરતીઓ દર વર્ષે કરોડો રૂપિયાનો દંડ ટ્રાફિક નિયમનો ભંગ કરવા બદલ ફરે છે. હવે સુરત શહેર ટ્રાફિક પોલીસ અને આરટીઓ દ્વારા ટ્રાફિક નિયમનું ભંગ કરતા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ચાલુ બાઈકે ફોન પર વાત કરનારા, રોંગ સાઈડમાં વાહન ચલાવનારા અને ગફલત ભરી રીતે વાહન ચલાવતા લોકો સામે હવે તેમના લાઈસન્સ ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. ૨૦૨૩ના વર્ષમાં અત્યાર સુધીમાં ૯૫૫ જેટલા વાહન ચાલકોના લાઈસન્સ સુરત આરટીઓ દ્વારા ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

છેલ્લા ચાર વર્ષ દરમિયાન સુરત આરટીઓ દ્વારા કરવામાં આવેલી કામગીરીની વાત કરવામાં આવે તો ૨૦૨૦માં સુરત આરટીઓ દ્વારા શરૂ ચાલુ બાહને મોબાઈલ ફોનમાં વાત કરતા, ઓવર સ્પીડમાં વાહન ચલાવતા, રોંગ સાઈડમાં વાહન ચલાવતા ૪૩૧ જેટલા લોકોના લાયસન્સ ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ૨૦૨૧માં ૭૭૭ લોકોના લાયસન્સ ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ૨૦૨૨માં ૮૩૪ લોકોના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને ૨૦૨૩ના ૬ મહિનાના સમયમાં જ ૯૫૫ લોકોના લાયસન્સ ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.




### માતા-પિતાના શ્વાસ અધ્ધર કરી દે તેવો કિસ્સો

# ગાંધીનગરનાં સુઘડ પાસે સેલ્ફી લેવા જતા ત્રણ વિદ્યાર્થીઓ ડૂબ્યા

। ગાંધીનગર, તા.૧૪ ।

ગાંધીનગર જીલ્લામાંથી પસાર થતી કેનાલમાં અપમૃત્યુનાં બનાવો ધીમે ધીમે વધી રહ્યા છે. ત્યારે આજે સુઘડ પાસેથી પસાર થતી કેનાલમાં ત્રણ યુવાનો ડૂબ્યા હોવાનાં સમાચાર મળતા સ્થાનિક તરવૈયાઓ દ્વારા કેનાલમાં ત્રણેય વિદ્યાર્થીઓની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ વિદ્યાર્થીઓની કોઈ ભાળ ન મળતા ત્યારે બાદ ફાયર બ્રિગેડે જાણ કરતા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાં સ્થળે આવી પહોંચી શોધખોળ સઘન બનાવી હતી. મળતી માહિતી મુજબ ગાંધીનગરનાં સુઘડ પાસેથી પ સાર થતી કેનાલમાં બપોરનાં સુમારે કેટલાક યુવકો સેલ્ફી લઈ રહ્યા હતા. ત્યારે અચાનક જ અગમ્ય કારણોસર ત્રણેય યુવકો કેનાલમાં પડ્યા હતા. આ અંગે માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ દ્વારા સ્થાનિક તરવૈયાઓને આ અંગેની જાણ કરતા સ્થાનિક તરવૈયાઓ દ્વારા વિદ્યાર્થીઓની શોધખોળ હાથ ધરી હતી. જે બાદ પણ વિદ્યાર્થીઓની કોઈ ભાળ ન મળતા આ બાબતે ફાયર બ્રિગ્રેડને જાણ કરતા ફાયર બ્રિગેડ દ્વારા તાત્કાલિક ઘટનાં સ્થળે આવી પ હોંચી કેનાલમાં વિદ્યાર્થીઓની શોધખોળ હાથ ધરી હતી. ત્યારે ઘટનાને પગલે રોડ ઉપર લોકોનાં ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. જેથી થોડા સમય માટે ટ્રાફિક જામનાં દ્રશ્યો સર્જાયા હતા. આ બાબતે સ્થાનિકો દ્વારા પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાં સ્થળે પહોંચી ટ્રાફિકને હળવો કર્યો હતો.

# બનાસકાંઠા GIDCમાંથી ભેળસેળ યુક્ત મરચું મળી આવ્યું

। બનાસકાંઠા, તા.૧૪ ।

બનાસકાંઠા ગૈંઢ્ઝ માંથી ભેળસેળ યુક્ત મરચુ મળી આવ્યું છે. વેપારી મરચામાં કલરની ભેળસેળ કરે છે તેવી બાતમીનાં આધારે રેડ પાડી હતી. મોઢેશ્વરી ફુડ પ્રોડકટસ એફ.એસ.એસ.એ.આઈ લાયસન્સ ધરાવે છે. પાલનપુરની સ્થાનિક ફૂડ ટીમ દ્વારા મરચાં પાવડરનુ ઉત્પાદન કરતું હતું. અંદાજે ૬ લાખની કિંમતનો ૨૧૦૦કિલો જથ્થો જપ્ત કરાયો છે.

### રાજસ્થાનના ભરતપુર પાસે સર્જાયેલા ભયાનક અકસ્માતની ઘટના

# દિહોરમાં એક સાથે ૧૦ અર્થી ઉઠતા આખું ગામ હીબકે ચડ્યું

## પોલીસે ૧૧થી વધુ ઈજાગ્રેસ્તોને હોસ્પિટલમાં ખસેડ્યા હતા, પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ કરવામાં આવતા ૧૨ મૃતકો ભાવનગર જિલ્લાના હોવાનું સામે આવ્યું હતુ

। અમદાવાદ, તા.૧૪ ।

રાજસ્થાનના ભરતપુર પાસે ગતરોજ સર્જાયેલા ભયાનક અકસ્માતમાં ભાવનગરના જિલ્લાના ૧૨ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યાં હતા. જેમાંથી ૧૦ મૃતકો તો એક જ ગામના હતા. ત્યારે આજે સવારે ૧૦ મૃતકોના મૃતદેહ તળાજા તાલુકાના દિહોર ગામે પહોંચ્યા બાદ અત્યારે એક સાથે ૧૦ લોકોની અંતિમયાત્રા નીકળી છે. દિહોર ગામના એક સાથે ૧૦ લોકોના મોતથી ગામમાં શોકનો માહોલ છવાયો છે. આખું દિહોર ગામ સજ્જડ બંધ જોવા મળી રહ્યું છે. દિહોરમાં એક સાથે ૧૦ અર્થી ઉઠતા આખું ગામ હીબકે ચડ્યું હતું.મૃતકોને શ્રદ્ધજંલિ પાઠવવા હજારોની સંખ્યામાં લોકો દિહોર પહોંચ્યા છે. મૃ તકોની અંતિમયાત્રામાં ૧૦ હજારથી વધુ લોકો જોડાયા છે. મૃતકોના પરિવારમાં કરુણ આક્રંદ છવાઈ ગયો છે. તો આ અકસ્માતમાં મૃત્યુ પામેલ ભાવનગર શહેરની મહિલાનો મૃ તદેહ પણ એમ્બ્યુલન્સ મારફતે તેમના ઘરે પહોંચાડવામાં આવ્યો છે. ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના દિહોર ગામમાં આવેલી બજરંગદાસ બાપાની મઢુલીના મંડળના સભ્યોએ દિહોર ગામથી મથુરા સુધીની ૧૨ દિવસની યાત્રાનું આયોજન કર્યું હતું. આ માટે ભાવનગરની કાર્તિક ટ્રાવેલ્સની બસ ભાડે કરવામાં આવી હતી. ગત ૯મી સપ્ટેમ્બરે રાત્રે તમામ બસમાં મથુરા જવા રવાના થયા હતા.

જેમાં તો રસ્તામાં આવતા નાથદ્વાર, પુષ્કર સહિતના ધાર્મિક સ્થળો પર દર્શન-પૂજન કરીને મથુરા તરફ આગળ વધી રહ્યા હતા. ત્યારે ગઈકાલે વહેલી સવારે રાજસ્થાનના ભરતપુર પાસે જયપુર નેશનલ હાઈવે-૨૧ પર બસની ડિઝલની પાઈપ ફાટી જતા બસ બંધ પડી ગઈ હતી. જેથી ડ્રાઈવર અને ક્લિનર બંને બસનું રિપેરિંગ કામ કરી રહ્યા હતા. તેમની સાથે બસમાં સવાર ૧૦-૧૨ જેટલા મુસાફરો પણ બસમાંથી નીચે ઉતર્યા હતા. આ દરમિયાન ફૂલ સ્પીડમાં આવેલી ટ્રકે બસને ટક્કર મારી હતી, જ્યારે અહીં ઉભેલા ૧૦-૧૨ જેટલા મુસાફરોને કચડી નાખ્યા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે અકસ્માતમાં ૧૨ લોકોના મૃત્યુ નિપજ્યાં હતા. આ અકસ્માતની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨